# અધ્યાત્મ


**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ—avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૧


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાના ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી અમૂલ્ય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| તીવ્ર વૈરાગ્યથી સાધના ઝડપી બને છે | શ્રી યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| પૂ.રણછોડદાસજીના પ્રેરક પ્રસંગ | સંકલન—પરમાર્થી, દમયંતી સેજપાલ | ૧૦ |
| ચાલો, કામ કરતાં કરતાં પ્રભુને મેળવીએ | જ્યોતિ થાનકી | ૧૬ |
| ગાંધીજીનું આરોગ્ય ચિંતન | ડો. મહેરબાન ભમગરા | ૨૦ |
| વિષ્ણુસહસ્રનામો અંગે નવો દૃષ્ટિકોણ | સ્વામી સચ્ચિદાનંદ | ૨૩ |
| પૂ.માની ઇટાલી યાત્રા | મા સર્વેશ્વરી | ૩૧ |
| ભગવાન મહાવીર પ્રસિદ્ધોની પ્રસિદ્ધિમાં | — | ૩૬ |
| ચિંતન | પરમ અવધૂત વિમલા ઠકારે | ૪૦ |
| સ્વર્ગારોહણ શૈક્ષણિક સિદ્ધિ પારિતોષિક | સેવક ટ્રસ્ટી | ૪૨ |
| શાંતિ વરસે | મકરન્દ દવે | ૪૩ |
| શાકભાજી વેચતી માનો છોકરો કલેક્ટર બને તો....! | ભદ્રાયુ વછરાજાની | ૫૦ |
| સૂર્ય ઉપાસના | વિનોબા | ૫૫ |
| ભજન કેમ સફળ થતું નથી? | પૂજ્ય શ્રીદયાનંદતીર્થ | ૫૮ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# સદ્ભાવભરી અમૂલ્ય સહાય

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,

પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા–ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશભાઇ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું **'અધ્યાત્મ'** માસિક અમને ૩૪ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

**શ્રી વિકાસ શાહ — શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર**
**શ્રી અનિલભાઇ લાડ — શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર**
**ટોરન્ટો, કેનેડા.**



# તીવ્ર વૈરાગ્યથી સાધના ઝડપી બને છે

**શ્રી યોગેશ્વરજી**

ઉત્કટ વૈરાગ્યવાળો સાધક સાધના પણ તીવ્રતાથી કરી શકે. માટે વૈરાગ્યની ભાવના વધારે ને વધારે પ્રમાણમાં કેળવવાની જરૂર છે. તે ઉપરાંત, સાધનાનું મહત્ત્વ જીવનના મંગલમાં કેટલું બધું મૂલ્યવાન ને મોટું છે તેનો વિચાર પણ કરવો ઘટે છે, તેવા વિચારથી સાધનામાં એક પ્રકારનો પ્રબળ પ્રેમ પેદા થશે ને તેને માટે સર્વસ્વને હોડમાં મૂકવાનું મન થશે. સાધનાની સફળતા સુધી કોઇ કારણે ક્યાંય અટકવાનું ને અટવાવાનું કે ફસાવાનું મન નહીં થાય. આ ટૂંકા જીવનની પળેપળનું મહત્ત્વ પછી સારી રીતે સમજાશે. જે રહીસહી શક્તિ આપણી પાસે છે તેનું મૂલ્ય પણ સમજાશે. ને તેનો સદ્ઉપયોગ કરી જીવનનું શ્રેય કરવાનો આપણને નાદ લાગશે. સાધના સિવાયની બીજી બધી વાતો તેમ જ પ્રવૃત્તિઓ પછી આપણે માટે સૂકી ને ગૌણ બની જશે. સિદ્ધિની લગન લાગશે, ને સાધનાના મંગલ મંદિરના પ્રામાણિક પૂજારી બની પરમાત્માના શ્રીચરણોમાં આપણે આપણું સર્વ સમર્પણ કરી દઇશું.

એવો તીવ્ર વેગ કાંઇ ચપટી વગાડતામાં, આંખ મીંચીને ઉઘાડતામાં કે એક બે મિનિટમાં નથી મળતો. સાધનાના ને એકધારી સાધનાના ફળરૂપે તે તો સહજ રીતે જ પ્રગટે છે ને સફળ થઇને જ શાંત થાય છે. ધ્રુવ, પાર્વતી, નરસિંહ ને તુકારામ જેવા મહાપુરુષોની વાત આપણે આગળ પણ કરી ગયા છીએ. તેમને પણ તેવો વેગ કાંઇ એકાદ જન્મમાં જ ને તરત જ

મળેલો કે? તેની પાછળ તો વરસો તથા જન્માંતરની તૈયારી હતી ત્યારે એક જન્મમાં તે અત્યંત પ્રબળ બનીને પ્રકટી ઊઠ્યો. તેવી રીતે સૌએ પોતપોતાની રીતે તૈયારી કરવાની છે. જીવનની ક્ષણેક્ષણને સાધનામય કરવાની છે. સાધનાને અમુક ખાસ સ્થળ, ખંડ, પર્વ કે સમય પૂરતી જ મર્યાદિત કે સીમિત રાખવાને બદલે સર્વવ્યાપક બનાવી દેવાની છે. કેટલાક સાધકો શરૂશરૂમાં સારો રસ બતાવે છે. તેમની સ્થિતિ આરંભે શૂરા જેવી હોય છે. આરંભમાં તે ધ્યાનની પાછળ એવા પડે કે વાત પૂછો નહીં. કલાકો લગી તે ધ્યાન જ કરે છે. તેથી કોઈવાર માથું પણ દુઃખી જાય છે. ને થાક પણ લાગે છે. શરીર પર એવી પ્રતિકૂળ અસર ના થાય તેનું ખૂબ ધ્યાન રાખવાનું છે. વળી શરૂઆતનું શૂરતાન ઠેઠ છેવટ સુધી ટકાવી પણ રાખવાનું છે. તે માટે ખૂબ સંભાળપૂર્વક ને સહન થાય તેવી રીતે સાધનાના વેગને વધારતાં રહેવાની જરૂર છે. તીવ્ર સાધના સતત પણ હોવી જોઇએ એ યાદ રાખવાનું છે.

વરસો સુધી સાધના કરનારા ઘણા સાધકોને શાંતિ નથી મળતી. તેનું એક કારણ એ પણ છે કે જે સાધના તે કરે છે, તેથી તેમના સ્વભાવની શુદ્ધિ નથી થતી, સાધનાની સાથે મનની સાત્વિકતા ને શુદ્ધિ વધતી જાય તો શાંતિ સત્વર મળે ને વિકાસ પણ વહેલો ને સારો થાય. આ વાતનું વિવરણ આપણે વારંવાર કર્યું છે કેમ કે એની અગત્યતા એવી મોટી છે. એટલે અહીં એના વિસ્તારમાં નહીં પડીએ.

**ઈશ્વરપ્રણિધાનાદ્વા ।**




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૬ મે–૨૦૧૪ અંક ૮**


## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળઃ–ગાંધી નિવાસ સોસાયટી, મસૂરી**

**તા.૧૩/૦૬/૮૨ રવિવાર થી ૧૭/૬/૮૨**

સવારે પૂ.શ્રીએ નિયમિત લેખનકાર્ય કર્યું. આજે ભોજનમાં ખીચડી શાક લીધાં. ભોજન બાદ મુલાકાત શરૂ થઇ.

આજે દિલ્હીના શ્રી કાશીરામ કપૂર પૂ.શ્રીને મળવા આવ્યા છે. તેઓ તા.૭ થી મસુરી છે. તેઓ પૂ.શ્રી છે કે નહીં તેની તપાસ કરે છે. છેક આજે તેઓ પૂ.શ્રીને મળી શક્યા.

તેમના પુત્ર સાથે પૂ.શ્રીએ ધ્યાન અંગેની વાતચીત કરી. શ્રી કાશીરામ કપૂરે પૂ.શ્રીને ખાસ દિલ્હી આવવા આગ્રહ કર્યો.

દિવસો ઘણા ઝડપથી પસાર થઇ ગયા. પ્રવચનો શરૂ થયાં. હોલમાં ગાંધીજીની તસ્વીર છે. વળી પૂ.શ્રીની પણ એક બેઠેલી તસ્વીર છે.

પાંચ દિવસમાં કોઇ ખાસ નોંધ ન હતી. પ્રવચન પછી પૂ.શ્રી

શાકભાજીની દુકાન સુધી આવે છે ને ત્યાંથી શાક લઈ લેવામાં આવે છે.

એ દશ પંદર મિનિટના ચાલવાના માર્ગ ઉપર પૂ.શ્રીને કેટલાયે પરિચિત ભાઈબેનો મળતાં પ્રણામ કરે છે. કેટલાક પોતાની દુકાનમાંથી જ પ્રણામ કરે છે.

એક દિવસ મસુરીની પ્રખ્યાત સેવોય હોટલનાં માલિક જે પૂ.ઈન્દિરાદેવી (પૂના)નાં માતાજી થાય છે તે પૂ.શ્રીને બપોરની બેઠકમાં મળવા આવે છે. એકાદ કલાક બેસે છે. પૂ.શ્રીને તેઓ આમંત્રણ આપવા આવ્યાં છે. એ બેને મસૂરીમાં લક્ષ્મીનારાયણ મંદિર બંધાવ્યું છે. તેનો સ્થાપનાદિન ૧૯ જૂન છે. પૂ.શ્રી અહીં હોય ત્યારે દર વરસે પ્રવચન માટે જાય છે. આ વખતે પણ પૂ.શ્રી એ તેમનું આમંત્રણ સ્વીકાર્યું.

વળી શ્રી કાશીરામકપૂર પૂ.શ્રીને દિલ્હી સાત દિવસ પ્રવચન માટે લઈ જવા માંગે છે. પૂ.શ્રીની પાસે હાલ તો સમય નથી. એટલે પછી જોઈશું એમ કહી તેમને સંતોષ આપે છે.

મસુરી એક એવું સ્થળ છે જ્યાં વિવિધ પ્રદેશના માણસોની અવરજવર રહે છે. પરિણામે પૂ.શ્રીના સંપર્કમાં પણ તે સૌ આવે છે. પરિણામે પૂ.શ્રી દિલ્હી, પંજાબ, હરિયાણા દરેક પ્રાંતમાં પ્રવચન માટે જઈ આવ્યા છે.

**યાત્રાવિશ્રામની નોંધ**

(૧) વડોદરાથી નાથદ્વારા કોઠારી અતિથિશાળા.
(૨) શ્રીનાથદ્વારાથી જયપુર એલ. એમ. બી. હોટલ
(૩) જયપુરથી મુઝફ્ફરનગર સરકારી ગેસ્ટ હાઉસ
(૪) મુઝફ્ફરનગર થી ઋષિકેશ ઈન્દ્રલોક હોટલ
(૫) ઋષિકેશથી જોશીમઠ નંદાદેવી હોટલ



(૬) જોશીમઠથી બદરીનાથ ગીતાભારતી ધર્મશાળા
(૭) બદરીનાથ થી કર્ણપ્રયાગ માર્ગ ઉપર
(૮) કર્ણપ્રયાગથી ગૌરીકુંડ
(૯) ગૌરીકુંડથી ઋષિકેશ ઈન્દ્રલોક હોટલ
(૧૦) ઋષિકેશથી મસુરી

**૧૮/૬/૮૨ શુક્રવાર, મસુરી અગિયારશ**

સવારે પૂ.શ્રી પોતાની કલમ ચાલુ કરે છે. તે પહેલાં પૂ.શ્રી આજે દૂધ ગરમ કરવા બેઠા છે. આજકાલ દૂધમાં અંજીર નાંખી ઉકાળવામાં આવે છે. એક દિવસ પૂ.શ્રી એ ખીર બનાવી હતી. તો વળી એક વાર ભાખરી પણ જાતે લોટ બાંધી વણીને શેકી હતી.

પૂ.શ્રીને પોતાને હાથે બનાવવાનું ખૂબ ગમે છે. તેથી એવા પ્રયોગો આગ્રહ કરીને પૂ.શ્રી પોતે કરે છે.

બરાબર આઠ વાગ્યે દૂધ પીધા પછી લેખનકાર્ય માટે બેઠા. સાડા દશ સુધી લેખનકાર્ય ચાલુ રહ્યું. પછી સુતા સુતા જપ કરે છે.

આજે બાર વાગ્યાની આસપાસ ભારતના રાજકારણના જાણીતા નેતા શ્રી અટલબિહારી બાજપેયી મળવા આવનાર હતા. તેમને માટે શ્રી રતનલાલ (જેઓ ગાંધીનિવાસ સોસાયટીના પ્રમુખ છે) જલ્દી આવે છે.

શ્રી અટલબિહારી બાજપેયી સાથે ખાસ નોંધ યોગ્ય વાતો ન થઈ.

પરંતુ થોડા પ્રશ્નોની ચર્ચા થઈ.

**પ્રશ્નઃ—**વિદેશમાં સંતોનું શું સ્થાન છે?

**પ્રશ્ન:**–સંતો દેશના ભાવિમાં કઇ રીતે મદદરૂપ થાય?

**પ્રશ્ન:**–ભારતીય જનતા પાર્ટીનું ભવિષ્ય કેવું છે?

પૂ.શ્રી એ ખૂબ તટસ્થ ને સ્પષ્ટ અભિપ્રાય આપ્યો.

આજની મુલાકાતની બેઠકમાં જોધપુરના એક ભાઇ પૂ.શ્રીને મળવા આવે છે. તેમણે ગીતાના શ્લોકોની સમજ પૂ.શ્રી પાસેથી મેળવી.

બે વાગ્યા ૨૦ મિનિટ થઇ ગઇ. પૂ.શ્રીએ સૌને જવાની સૂચના આપી. આજે શ્રી વાચસ્પતિજી પૂ.શ્રી માટે રબડી લાવે છે. પૂ.શ્રી સૌને પ્રસાદ આપે છે.

થોડો આરામ કરી પૂ.શ્રી સાથે સર્વેશ્વરી કેમલબેક રોડ ઉપર ફરવા જાય છે. બરાબર પોણો કલાક ચાલવાનું બને છે. પછી નંદવીલા હોટલના માલિક શ્રી રતનલાલજીને મળવાનું બને છે.

એ દરમ્યાન રાજકીય નેતાઓમાં દેશપ્રેમની સાથે અધ્યાત્મ ભળે તો સોનામાં સુગંધ ભળે એ અંગે પૂ.શ્રીએ વાતો કરી જેમાં ગાંધીજી, ગોલવરકર, સુભાષની વાતો થઇ.

સમયસર ગાંધીનિવાસ સોસાયટીમાં આવી જવાનું બન્યું. પ્રવચન થયું.

પ્રવચન બાદ થોડું ચાલવાનું બન્યું. નોવેલ્ટી સ્ટોરમાં રાજ અને ઉપેન્દ્ર બંનેને મળવાનું બન્યું, શાકભાજી લીધાં.

ઉતારા ઉપર આવી પૂ.શ્રીએ પ્રાર્થના કર્યા બાદ દૂધ પીધું. પછી આરામ.

**(ક્રમશઃ)**



### પૂ.શ્રી રણછોડદાસજી મહારાજના

# પ્રેરક પ્રસંગો

**સંકલન પરમાર્થી, મૂળ લેખિકા–દમયંતી સેજપાલ**

## (૧) હરિઇચ્છા ભાવિ બલવાના

પ્રતિષ્ઠામહોત્સવમાં આવેલાં ભક્તજનોએ કહ્યું: 'બાપુ! આજકાલ તો દેશ પર ચારે તરફથી લડાઇઝઘડાનો ભય તોળાઇ રહ્યો છે. હિંદુસ્તાન અત્યારે કટોકટીમાંથી પસાર થઇ રહ્યું છે.'

પૂજ્યશ્રીએ કહ્યું: 'સુનો. પરમાણુ તો ખરાબ હૈ હી. પરંતુ દેશ મેં જબ તક એક ભી યોગી પુરુષ હોગા તબ તક ભારત કા કભી અનિષ્ટ નહીં હો સકેગા. યોગી જહાં રહતે હૈ, વહાં બૈઠે હી સબ કુછ કર સકતે હૈ. પરંતુ નિશ્ચિત સ્થાન કે જિતને પાસ વે રહતે હૈ ઉતને હી પરમાણુ જલદી ઔર તીવ્રતાપૂર્વક અસર કરતે હૈ. યોગી કા શાસન પરમાણુઓંસે હોતા હૈ. એક બાર ભારત કી સરહદો પર જાકર ભગવાનકો દેશ કી રક્ષા કે લિયે પ્રાર્થના કર મેરી ઇચ્છા હૈ. શાયદ ભગવાન સુન લેં તો વિઘ્નોંકા નિવારણ હો જાયગા.'

આ સૂચનથી બધા ભક્તો આનંદમાં આવી ગયા. ભ્રમણની તૈયારીઓ શરૂ થઇ. એક સ્ટેશન વેગનમાં જરૂરી સામાન મૂકવામાં આવ્યો. સેવામાં હરિચરણદાસજી મહારાજને રાખવાનું નક્કી થયું. સૌ પ્રથમ કાશ્મીર જવાનો પ્રોગામ નક્કી થયો.

ચિત્રકૂટ થી પપરેન્દા આદિ ગામોમાં જઇને પૂજ્યશ્રી સીધા

સતના પહોંચ્યા. ત્યાં 'શ્રી રઘુવીર મંદિર'નું ટ્રસ્ટ બનાવીને મંદિરના ખર્ચ માટે જરૂરી પૈસા ટ્રસ્ટના નામ પર સતનાની બેંકમાં મુકાવ્યા. બધી વિધિ પતાવીને સાંજે સતનાથી રવાના થયા. મુસાફરી આખી રાત ચાલુ રહી.

ડ્રાઇવર દિવસભર ગાડી ચલાવીને થાક્યો હતો. ઉપરાંત રાત્રે પણ જાગરણ કરીને એણે મોટર હાંકી. પરિણામે એને ઝોલું આવી ગયું ને વહેલી સવારે લગભગ પાંચેક વાગ્યે સાગર ગામથી આઠ માઇલ દૂર મોટર એક બેલગાડી સાથે જોરથી અથડાઇ પડી!

એ આંચકાથી પૂજ્યશ્રીને, હરિચરણદાસજી મહારાજને અને કન્હૈયાને થોડી ચોટ આવી. પરંતુ બેલગાડીવાળાની દશા સહુથી ખરાબ હતી! એનાં નાક, મોં, કાન અને આંખો વાટે લોહીની ધારા વહેવા લાગી. પૂજ્યશ્રી તરત જ નીચે ઊતરી પડ્યા. પોતાના રૂમાલ વડે ગાડીવાળાનું લોહી લૂછવા માંડ્યું અને ડ્રાઇવરને કહ્યું : 'ઇસકો મોટર મેં લે લો. ઔર જલદી સાગર કે અસ્પતાલ મેં ચલો.'

ડ્રાઇવરે કહ્યું : 'મહારાજશ્રી! એમ કરીશું તો બૂરી રીતે ફસાઇ જઇશું. અત્યારે વહેલી સવારનો ટાઇમ છે. રસ્તા પર કોઇ નથી. આને થોડા પૈસા આપી દઇએ. પોલીસની તપાસ થાય તે પહેલાં તો આપણે ભોપાલ પહોંચી જઇશું.'

'એક આદમી મર રહા હૈ ઔર તુમ્હેં અપની પડી હૈ?' પૂજ્યશ્રી નારાજ થઇને બોલ્યા : 'ભલે હમ લોગ ફંસ જાય. ઇસકો જલદી સે અસ્પતાલ પહુંચાના જરૂરી હૈ.' ડ્રાઇવરે જોયું કે પૂજ્યશ્રી માનવાના નથી. એટલે એણે કહ્યું : 'ગાડીને નુકશાન પહોચ્યું છે, મોટર નહીં ચાલી શકે.'



પૂજ્યશ્રીએ ચૂપચાપ સડક પર ચાલવા માંડ્યું. આઠ માઇલ પગે ચાલીને સાગર પહોંચ્યા. ત્યાં પોલિસમાં કેસ નોંધાવી ટેકસી લઇ ઘટના સ્થળે પાછા આવ્યા.

બેલગાડી અને મોટરની આસપાસ માણસનું ટોળું જમા થયું હતું. પોલીસવાન પણ આવી પહોંચી. પ્રાથમિક વિધિ પૂરી થયા બાદ ગાડાવાળાને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો.

પૂજ્યશ્રીએ દવાદારૂ, ફળ વગેરેની તમામ સગવડ એને પહોંચાડી. વીસ દિવસ સુધી એ હોસ્પિટલમાં રહ્યો. તેઓશ્રીએ પણ એટલા દિવસ સાગરમાં જ રોકાવું પડ્યું. વીસમે દિવસે ગાડીવાળો સંપૂર્ણ શુદ્ધિમાં આવ્યો. તેણે પોલીસમાં લખાવ્યું : 'આ બનાવમાં મારો જ વાંક છે. ગાડું ચલાવતાં મને ઝોકું આવી ગયું ને તેવામાં સામેથી મોટર આવી. ઊંઘને લીધે હું પૂરેપૂરો સાવચેત રહી ન શક્યો. તેથી મોટર સાથે ગાડું અથડાઇ પડ્યું.'

ડ્રાઇવર બધું સાંભળતો હતો.

પૂજ્યશ્રીની અવગણના કરવા બદલ એને પ્રશ્ચાત્તાપ થયો.

### (૨) ગુના નેત્રયજ્ઞ

ચિત્રકૂટ એક વખત પ્રવચન દરમિયાન પૂજ્યશ્રીએ કહ્યું : 'જબ હિન્દુસ્તાન મેં રેલ નહીં ચલતી થી તબ મૈંને પૈદલ ચલ કર સારે હિદુસ્તાન કી પરિક્રમા કી થી. ભારત કી આબાદી ઉસ સમય તીન કરોડ કી થી.'

'બહુત વર્ષ પહેલે એક બાર મૈં વીરપુર ગયા થા. વહાં પર જલાબાપા સાધુસંત કા બડા આદર કરતે થે. ઉન્હોને મુઝે ભોજન લેને કે લિયે કહા. મૈને કહા ભગતજી, મૈં દૂસરોં કે હાથ કા બના

ભોજન નહીં ખાતા હૂં. ભગતજીને અપની ઝોલી મેં સે એક રોટી નિકાલકર મુઝે દી. ઔર કહા : 'યહ ભગવાન રામ કી પ્રસાદી હૈ. મૈંને રોટી કો મસ્તક સે છૂઆ ઔર બતાયા : ભગતજી મૈં ઘી નહીં ખાતા હૂં. પર પ્રસાદ સમઝકર ઇ સે જરૂર લૂંગા.'

તુરંત ભગતજીને ઝોલી મેં સે સૂકી રોટી નિકાલ કર મુઝે દી. મૈં ને બહુત પ્રેમસે વહ રોટી ખાઇથી.

ચિત્રકૂટથી ઝરિયા પધાર્યા. ત્યાં પુરુષોત્તમભાઇ સોનપાલને ત્યાં શ્રીમાનસજીનાં પાઠ, કીર્તન વગેરે થયાં.

ઝરિયામાં શ્રી રામનવમી અને શ્રી હનુમાન જયંતીનો ઉત્સવ ઊજવી પૂજ્ય શ્રી ભક્તો સાથે જગન્નાથપુરીની યાત્રાએ પધાર્યા.

**ગોંદિયા નેત્રયજ્ઞ**

મહારાષ્ટ્રમાં આવેલ ગોંદિયામાં તા.૧–૧૨–૧૯૬૩ ને દિવસે પ્રથમ ઓપરેશન થયું.

ગોંદિયામાં શરૂઆતના થોડા દિવસ પૂજ્યશ્રીની તબીયત સારી રહી. પરંતુ પછી તેઓશ્રીએ એકદમ બિછાનું પકડી લીધું. શ્વાસ, ખાંસી અને તાવ ક્ષણવાર માટે પણ કેડો મૂકતાં નહોતાં. ચિંતિત બનેલા ભાઇઓએ આપસમાં વિચાર કરી આખી રાત તેઓશ્રીની સેવામાં રહેવા માટે સમય નિશ્ચિત કરી દીધો.

પહેલી રાત્રે અગિયારથી બે સુધી છેલુભાઇ અને વજુભાઇ બેઠા. બે વાગ્યે ઓમકારભાઇ આવ્યા. સવારે પાંચ સુધી એ બરાબર બેસી રહ્યા. ત્રીજે દિવસે વહેલી સવારે ચારેક વાગ્યે પૂજ્યશ્રી શૌચ જવા ઊઠ્યા. સૂસવતી ઠંડીમાં હીટર પાસે બેઠેલા ઓમકારભાઇની આંખો મીંચાઇ ગયેલી. તેથી પૂજ્યશ્રીનો હાથ પકડી એમને શૌચાલય સુધી પહોંચાડવાની અને કમંડળમાં પડેલું



હિમ જેવું ઠંડું પાણી બદલીને એમાં ગરમ પાણી ભરવાની સેવા ચૂકી જવાઇ. શૌચાલયનો દરવાજો બંધ થવાનો અવાજ આવતાં ઓમકારભાઇ એકદમ ઊભા થઇ ગયા. પરંતુ ખૂબ મોડું થઇ ગયું હતું. પછીની સેવા એમણે બરાબર બજાવી.

બે દિવસના ઉજાગરાથી છેલુભાઇ અને વજુભાઇ થાકી ગયા. તેથી એમના સ્થાન પર દાનાભાઇ આવ્યા. પરંતુ એમને તો એક રાતનું જાગરણ જ બસ થઇ પડ્યું. બીજે દિવસે પ્રાર્થના પતી ગયા પછી પૂજ્યશ્રીએ કહ્યું : 'સેવા યાની બલિદાન. સેવક ધર્મ સબસે કઠિન હૈ. સેવા મેં સ્વ કો ખો દેના પડતા હૈ. ખુદ કો સેવ્ય મેં મિલા દેના પડતા હૈ. યહ તો ઇન લડકિયોં કા હી કામ હૈ. ઇસ શરીર કી સેવા કે પીછે ઇનકો અપની ભી સુધ નહીં રહતી હૈ. પરંતુ શરીર હી તો સબકુછ નહીં હૈ. યદિ એક બાર શરીર ભાવ સે થોડા ભી ઉપર ઉઠકર તુમ દેખો તો પતા ચલે. તુમ્હારા ભાવ બરાબર હૈ. શરીર સેવા ભી વ્યર્થ નહીં જાતી હૈ. પરંતુ મૈં બતાઉ વૈસા સાધન એકાંત મેં બૈઠકર યદિ તુમ કરો તો તુમ્હેં જો મિલેગા ઉસ આનંદ હી બરાબરી મેં યહ શરીરસેવક આનંદ કુછભી નહીં લગેગા. પરંતુ દૂર જાના, એકાંત મેં બૈઠના કિસકો ભી પસંદ નહીં હૈ કરના ક્યા?'

'સ્ત્રીહૃદય ભાવ ઔર નિષ્ઠા કા બના હોતા હૈ ઇસ લિયે આધ્યાત્મિક વિકાસ કે લિયે સ્ત્રી શરીર મેં પાત્રતા જ્યાદા હોતી હૈ.'

ચત્રભુજભાઇના અને નરેન્દ્રભાઇના પરિવારે ગોંદિયામાં નોંધપાત્ર સેવા કરી.

તા. ૨૫–૧૨–૧૯૬૩ ને દિવસે પૂર્ણાહૂતિ થઇ. કુલ ૫,૦૫૯ જેટલાં ઓપરેશન થયાં.

### ચિત્રકૂટ નેત્રયજ્ઞ (૨)

ચિત્રકૂટમાં પ્રથમ ઓપરેશન તા.૧૪–૧૧–૧૯૬૪ને દિવસે થયું. તા.૨૫–૧૧–૧૯૬૪ને દિવસે ચિત્રકૂટમાં નેત્રયજ્ઞની પૂર્ણાહુતિ થઈ. કુલ ૪,૨૧૯ ઓપરેશન થયાં.

ત્યાં વડોદરાથી એક જૈન યતિજી પોતાની આંખોના ઈલાજ માટે આવેલા. છેલ્લાં બાવીસ વર્ષથી એમણે આંખોની રોશની ગુમાવી દીધી હતી. વડોદરા અને મુંબઈના ડોક્ટરોએ રોશની પાછી આવે એવી શક્યતાનો સાફ ઈન્કાર કર્યો હતો. નેત્રયજ્ઞના ડોક્ટરોએ પણ એમને એજ નનૈયો સંભળાવ્યો. સંપૂર્ણ હતાશ બની યતિજી પૂજ્યશ્રી પાસે આવ્યા. તેઓશ્રીએ એમને સમજાવી શાંત પાડ્યા, પછી વડોદરા મોકલાવી દીધા.

વડોદરા પહોંચતાં જ તેમણે આશ્ચર્ય અનુભવ્યું. એમને બહુ જ અસ્પષ્ટ, ઝાંખું ઝાખું અજવાળું દેખાવા લાગ્યું હતું. પ્રકાશ ધીરેધીરે વધવા લાગ્યો ને થોડા સમય પછી બધું સાફ અને સ્પષ્ટ દેખાવા માંડ્યું.

પૂજ્યશ્રીની માત્ર એક જ કૃપાદૃષ્ટિથી નિષ્ઠાવાન યતિજીને નવી દૃષ્ટિ મળી. ન દવાની જરૂર પડી, ન ઓપરેશનની કે ન કોઈ બીજા ઈલાજની.

**કૃપાપાત્ર શિષ્યને દિવ્ય દૃષ્ટિ આપીને પરમ તત્ત્વનાં દર્શન કરાવવાનું સામર્થ્ય જે શ્રી ગુરુદેવમાં ભર્યું હોય એમને માટે લૌકિક દૃષ્ટિ આપીને જગતની ઝાંખી કરાવવાનું કામ શી રીતે મુશ્કેલ હોઈ શકે?**



# ચાલો, કામ કરતાં કરતાં પ્રભુને મેળવીએ

–જ્યોતિ થાનકી

“ગુરુદેવ, જ્ઞાન માટે આપની પાસે આવ્યો છું.”

“એમ?” પગથી માથા સુધી આવનાર યુવાનને તીક્ષ્ણ નજરે જોતા વૃદ્ધગુરુએ કહ્યું ને પછી પૂછ્યું; “શું નામ છે તારું?”

“બધા મને ઉશીરો કહે છે.” હાથ જોડીને યુવાને કહ્યું.

“જો ઉશીરો, હમણાં તો મને રસોડામાં ચોખાની ગુણો ઉપાડનાર અને ભાત રાંધવામાં મદદ કરનાર માણસની જરૂર છે. જો તું એ કામ કરી શકતો હોય તો રસોડામાં જઈને મદદ કર. પછી સમય આવ્યે હું તને બોલાવીશ.”

ભલે, ગુરુદેવ, હું તો જ્ઞાનની આશાએ આપની પાસે આવ્યો છું. જ્યારે આપને અનુકૂળતા હોય ત્યારે મને બધું શીખવાડજો. એમ કહીને તે જ દિવસથી ઉશીરોએ રસોડામાં કામ કરવું શરૂ કરી દીધું. મઠ ઘણો વિશાળ હતો. આ ઝેન ગુરુની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાયેલી હોઈને ફક્ત જાપાનના જ નહીં પણ અન્ય દેશોમાંથી પણ વિદ્યાઓ શીખવા માટે શિષ્યો આવતા હતા. ઉશીરોને રોજ ચોખાની ગુણો, પોતાની પીઠ ઉપર ઉંચકીને ભંડારમાં મૂકવી પડતી અને પછી એમાંથી સવાર–સાંજ જરૂરિયાત પ્રમાણેના ચોખા રસોડામાં લઈ જવા પડતા. એ પણ દરરોજ બે ચાર ગુણ જેટલા રહેતા. પીઠ ઉપર વજન ઉંચકવાથી તેના સ્નાયુઓ મજબૂત બનવા લાગ્યા. લાંબા શ્વાસ લઈને તે ગુણ ઉંચકતો એટલે પ્રાણાયામ પણ થવા લાગ્યું. તેનું મુખ લાલ અને તેજસ્વી બન્યું. મહેનત ખૂબ કરવી પડતી એટલે તેને ભૂખ

ખૂબ જ લાગતી અને એથી દઢ શ્રદ્ધા હતી એટલે તેનું મન પણ શાંત અને સ્થિર હતું. કામ કરતાં કરતાં તે 'તાઓ' નું ચિંતન કરવા લાગ્યો. બીજા બધા શિષ્યો તો ગુરુ પાસે કંઇ ને કંઇ વિદ્યા ભણતા, એટલે તેની ચર્ચા—વિચારણાઓ કર્યા કરતા. પણ ઉશીરો તો પોતાના કામમાં અને પોતાના જ ચિંતનમાં ડૂબેલો રહેતો. આથી કોઇ ખાસ બોલાવતું નથી. સામાન્ય શ્રમિક જેવો માનીને બધા તેની સાથે એવો જ વ્યવહાર કરતા. આમ ને આમ પાંચ વરસ વીતી ગયાં. પણ ન તો ગુરુએ ઉશીરોને જ્ઞાન માટે બોલાવ્યો કે ન તો ઉશીરોએ ગુરુની પાસે જઇને જ્ઞાન માટે માંગણી કરી!

એક દિવસ, ભોજન માટે આવેલા બધા જ શિષ્યો ચર્ચામાં એવા રત હતા કે ભોજન પીરસાઇ ગયું, તેની ય ખબર ન રહી. બધા ગુરુદેવની વાત કરતા હતા, તે ઉશીરોએ સાંભળ્યું કે 'આવું તે ગુરુદેવને શું સૂઝયું કે ત્રણ પંક્તિની કવિતા પોતે લખી ને ચોથી પંક્તિ આપણે લખી દેવાની!'

બીજાએ કહ્યું : "જેની ચોથી પંક્તિ બરાબર બેસતી હશે, તેને ગુરુદેવ પોતાનો ઉત્તરાધિકારી બનાવવાના છે, એમ પણ મને જાણવા મળ્યું છે."

"તો તો બધા બરાબર મહેનત કરશે. શાસ્ત્રોનું પઠન—પાઠન કરીને ચોથી પંક્તિ ઉત્કૃષ્ટ બનાવશે."

'હા પંદર દિવસ આપ્યા છે. એમાં તો વિશ્વભરમાંથી ઉત્તમ પંક્તિ શોધી શકાય.'

આમ વાતો થતી રહી. એ પંદર દિવસ તો દરેક શિષ્ય ઉત્તમ પંક્તિ શોધવામાં જ લાગી રહ્યો! કેટલાયે ધર્મગ્રંથો ઉથલાવ્યા. મહાપુરુષોના બોધવચનો, એકઠાં કરીને તેમાંથી



પંક્તિ મેળવવા પ્રયાસ કર્યો. આમ બધા શિષ્યોએ પોતપોતાની રીતે પાદપૂર્તિ કરીને ગુરુએ મૂકેલી પેટીમાં ચિઠ્ઠી નાંખી દીધી.

રાતદિવસ અથાક્ પરિશ્રમ કરી રહેલા ઉશીરો પ્રત્યે રસોડાના અધ્યક્ષને અનુકંપા હતી. તેણે પાદપૂર્તિની પંક્તિઓ આપીને કહ્યું : "ઉશીરો, તું પણ આની છેવટની કડી લખી નાંખને!"

"ના રે, હું શું જાણું?"

"તો આ બધા જાણે છે?" એ અનુભવી સાધુએ માર્મિક રીતે પૂછ્યું.

"તેઓ કવિતા તો જાણે છે ને મને એવું આવડે નહીં."

"જે આવડે તે લખી આપ" અને ઉશીરોએ એ પંક્તિઓ વાંચી, તો તેને જણાયું કે આમાં તો મનથી પેલે પારના તત્ત્વ વિષેની વાત છે. અને બધાં તો મન વિષે જ મંડી પડ્યા હતા!

પછી તેણે પંક્તિની ચોથી કડી લખી,

'મન જ નથી રહ્યું, ત્યાં શું લખું?'

'જે છે તે, લખી શકાતું નથી'—તેમને એ ચિઠ્ઠી રસોડાના અધ્યક્ષને આપી દીધી પોતે ત્યાં નાંખવા પણ ન ગયો.

કેમકે ગુરુએ તેને હજુ બોલાવ્યો નહોતો.

અને પરિણામ જાહેર થયું, ત્યારે રસોડામાં ભાત પકાવી રહેલા ઉશીરોને ગુરુનું તેડું આવ્યું.

પાંચ વરસ બાદ તે બીજી વખતે ગુરુને મળ્યો, ત્યારે ગુરુએ તેને પોતાની ચાદર ઓઢાડતાં કહ્યું;

બેટા, તને જ્ઞાન મળી ગયું ને?

"જી, ગુરુદેવ. આપની કૃપા." ગુરુએ સર્વ શિષ્યોને કહ્યું;

રસોડાનું કામ કરતાં કરતાં ઉશીરોએ જ્ઞાનપ્રાપ્તિ કરી લીધી છે, જે તમે વરસોના શાસ્ત્રોના પઠન—પાઠનથી કરી શક્યા નથી; અને ગુરુએ તેને પોતાનો ઉત્તરાધિકારી જાહેર કરી દીધો!

આ ઝેન કથા દ્વારા એ સ્પષ્ટ થાય છે કે કાર્ય કરતાં કરતાં પણ જ્ઞાનની ઊંચામાં ઊંચી સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે. શ્રી માતાજીએ કહ્યું છે કે, 'કાર્ય કરવું એટલે શરીરથી પ્રભુને પ્રાર્થના કરવી.' પ્રાર્થના દ્વારા જેમ મનને શક્તિ મળે છે, તેમ કાર્ય દ્વારા શરીરને અને સાથે સાથે મનને પણ શક્તિ મળે છે. સાચી ભાવનાથી સાચી રીતે કામ કરવાથી ચેતનાનો વિકાસ ખૂબ ઝડપથી થાય છે. શ્રી માતાજી કહે છે કે જ્યાં સુધી તમે સખ્ખત પરિશ્રમ કરતા નથી ત્યાં સુધી તમને શક્તિ આપવામાં આવતી નથી, કેમકે, તમે કામ કરતા નથી, એટલે તમને શક્તિની જરૂર નથી. તમે તેના માટે લાયક નથી. તમારામાં શક્તિ ત્યારે જ આવે કે જ્યારે તમે તેનો ઉપયોગ કરો. જો ભગવાનને માટે કાર્ય કરતાં હોઈએ તો શક્તિ વધે છે. સંકલ્પ દૃઢ બને છે. સમતા અને સ્થિરતા આવે છે. આત્મવિશ્વાસ વધે છે. સુષુપ્ત આંતરશક્તિઓ જાગૃત થાય છે. આ બધાંથી સમગ્ર વ્યક્તિત્વ પ્રફુલ્લિત બનીને ખીલી ઊઠે છે. આ રીતે લાંબા લાંબા ધ્યાનથી પણ જે સહેલાઈથી મળતું નથી, એવું પરમાત્માનું સાંનિધ્ય એમને માટે કરવામાં આવતાં કાર્યોથી સહજ રીતે પ્રાપ્ત થાય છે. શ્રી માતાજીએ આ વિષે એક સાધકને જણાવ્યું હતું કે ''તમે ધ્યાનમાં જેટલી પ્રગતિ કરો છો, તેનાં કરતાં દશગણી વધારે પ્રગતિ સાચી રીતે કાર્ય કરવાથી કરી શકો છો.''



# ગાંધીજીનું આરોગ્ય ચિંતન

—ડૉ. મહેરબાન ભમગરા

ગાંધીજીએ કેળવણી, ફિલસૂફી, વૈદક, ખેતીવાડી નીતિશાસ્ત્ર. રાજનીતિશાસ્ત્ર વગેરે બાબત ખૂબ વાંચ્યું, વિચાર્યું અને પોતાનામાં સત્યની ખોજ કરતાં કરતાં જે યોગ્ય લાગ્યું તેને કસોટી પર ચઢાવી તેનો અમલ પોતે કરી બીજાઓને પ્રેરણા આપી.

ગાંધીજીના વિવિધ વિચારક્ષેત્રોમાં આરોગ્યનો વિષય પણ સમાઈ જતો. શરીર અને મનના આરોગ્ય વિશે ઊંડું ચિંતન અને પ્રયોગો કરી લેખો અને પુસ્તકો તેઓએ લખ્યાં છે.

'આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન'નું બાપુનું પ્રથમ પુસ્તક સને ૧૯૦૬માં લખાયું. તેમનું અંતિમ પુસ્તક પણ એ જ વિષયનું 'આરોગ્યની ચાવી' સને ૧૯૪૨માં લખાયું. પહેલા પુસ્તકની પ્રસ્તાવનામાં જ બાપુ કહી નાખે છે કે **'દવા વિના દરદ જાય નહીં આ મોટો વહેમ છે,** અને આવા વહેમથી જેટલાં માણસો દુઃખી થયાં છે અને થાય છે, તેટલાં બીજાં કારણોથી નથી થતા.'

શરીરરચના અને શરીર સંચાલન વિશે જ્ઞાન મેળવવાની આપણી ઉદાસીનતા વિશે ટીકા કરતાં બાપુ એ પ્રસ્તાવનામાં કહે છે : 'આપણને આપણી પાસે જ પડેલી વસ્તુનું જ્ઞાન, આપણાથી દૂર રહેલી વસ્તુના જ્ઞાન કરતાં ઓછું હોય છે. મારા શરીરમાં શું થાય છે, તે શું છે અને તે શાનું બન્યું છે, તેમાંનાં હાડકાં, માંસ, લોહી વગેરે કેમ બને છે, તે બધાં શું કરે છે, મારા શરીરમાં બોલે છે તે કોણ, મારી ગતિ કેમ ચાલે છે, મને વિચાર કેમ આવે છે,

મારી મરજી વિરુદ્ધ પણ મારું મન કેમ કરોડો માઇલ સુધી દોડી જાય છે તેનું મને ભાન નથી. મારી નજીકમાં નજીકની વસ્તુ જે મારું શરીર અને તેની સાથેનો મારા મનનો સંબંધ તેની મને ઓછામાં ઓછી ખબર છે.'

**નિસર્ગોપચારનું એક આવશ્યક અંગ યુક્તાહાર છે.** આ વિષય ઉપર ગાંધીજીએ ઘણું ચિંતન કર્યું હતું. બાપુને બધાં કર્મવીર કહે છે, પરંતુ તેઓ એક નંબરના પ્રયોગવીર હતા. પોતાના શરીર પર જાતજાતના ખોરાકના અખતરા તેઓ કરતા. નિમક વિના જ એમણે મોટે ભાગે ચલાવ્યું. મરચું તો એ લેતા જ નહીં.

બાપુ માનતા કે માંસાહારીને દાળની મુદ્દલ જરૂર નથી. બુદ્ધિજીવી માટે પણ એ દાળ બિનજરૂરી લેખતા. દૂધ મળી રહે તો દાળ ન લેવી એવી એમની સલાહ હતી. તેઓ કહે છે કે કઠોળ ખાવામાં નુકસાન છે. ખાસ કરીને ઓછી મહેનત કરનારાઓને.....

અત્યાહાર વિશે તો એમણે ઘણું કડવું સત્ય કહી નાખ્યું છે. ઘણા માણસના શ્વાસમાં બદબો હોય છે. કારણ કે તેમનો ખોરાક હજમ થયો હોતો નથી. એમનું પેટ પાયખાનું બન્યું હોય છે. આપણે હરગિજ વધારે ન ખાઇએ. પરોણા આવ્યા એટલે તેની અને આપણી કમબખ્તી. પરોણાને ખૂબ જમાડી તેને ત્યાં ખૂબ જમવાની આશા રાખીએ છીએ. વળી, તેવો અવસર શોધીને આપણે વધારે પકવાનો જમવાનો લાગ મેળવીએ છીએ.

બાપુ કહે છે કે વધારે ખાવું, ખૂબ સ્વાદથી ખાવું એને આપણે પાપ ગણતા નથી. ચોરી ઉપર, નીતિ ઉપર, વ્યભિચાર ઉપર ઘણાં સરસ પુસ્તકો રચાયાં છે પણ સ્વાદેંદ્રિય જેને વશ નથી તેની ઉપર પુસ્તકો નથી. તે નીતિ—અનીતિનો વિષય જ નથી. મહાન લોક પણ સ્વાદને તદ્દન જીતી શક્યા નથી. એટલે **સ્વાદમાં દોષ જોવાયો જ નથી. માણસની ગૃહસ્થાઇ તેના ભાણામાં સમાયેલી છે.**



આહાર વિહાર વિશે વૈજ્ઞાનિક સત્ય તરીકે સ્વીકારવા જેવાં કથનોઃ—

★ સ્ટાર્ચપ્રધાન શાકોમાં બટેટાં, શક્કરિયાં, કંદ, સૂરણ ગણાય. એને અનાજનું પદ આપવું જોઇએ.

★ કેળાં સરસ ફળ છે, પણ એ સ્ટાર્ચમય હોવાથી રોટલીની જગ્યા લે છે. કેળાં અને દૂધ તથા ભાજી સંપૂર્ણ ખોરાક છે.

★ ભૂખ જે સ્વાદ પેદા કરે છે તે સ્વાદ છપ્પન ભોગમાં નથી.

★ આપણામાં રોટલીને દાળમાં કે શાકમાં બોળીને ખાવાની ટેવ છે. આથી રોટલી બરોબર ચવાતી નથી. સ્ટાર્ચના પદાર્થો જેમ ચવાય તેમ સારું.

★ જે ચા સામાન્યતઃ પિવાય છે તેમાં કંઇ ગુણ તો જાણ્યો નથી. પણ તેમાં એક મોટો દોષ રહેલો છે. તેમાં રહેલું ટેનીન તત્ત્વ ચામડાને સખત કરવા સારું વપરાય છે. હોજરીને ટેનીન ચઢે એટલે તેની ખોરાક પચાવવાની શક્તિ ઓછી થાય છે. એ કારણે અપચો ઉત્પન્ન થાય છે.

★ અધોળ કે નવટાંક કચુંબર અચ્છેર રાંધેલા શાકની ગરજ સારે છે.

★ નકલી સિક્કા બનાવનાર સખત સજાને પાત્ર છે. તેવી રીતે નકલી ઘી યાને વનસ્પતિ બનાવનારને કેમ નહીં એવો પ્રશ્ન થાય છે.

★ વિશુદ્ધ ખાંડને બદલે ગોળ યા મધ લેવા હિતાવહ છે.

★ નિસર્ગોપચારમાં જીવનશક્તિને રોગનિવારક શક્તિ ગણવામાં આવે છે. આ જીવનશક્તિ ઈશ્વરી શક્તિ છે. એને રામની શક્તિ ગણી શકાય. અંતરથી ને સમજપૂર્વક રામનામ લેવું એ સર્વ પ્રકારના વ્યાધિઓનો ઈલાજ છે. જોકે તેમાં કેટલીક શરતો હોય છે. જેમ કે યોગ્ય આહાર વિહાર, પૂરતી નિદ્રા વગેરે. **'પૃથ્વી, પાણી, આકાશ, તેજ, વાયુ, આ પંચતત્ત્વનો ખેલ જગત કહેવાયું.'**

ગાંધીજીએ આકાશનો અર્થ મોકળાશ કર્યો છે. શરીર પર ઓછાં કપડાં હોય, શ્વાસોશ્વાસ, રક્તભ્રમણ બરાબર ચાલે, મનમાં વિચારોની ગતિ ધીમી હોય તો મન મોકળું રહે.

**સ્વાસ્થ્ય વિચાર :**

(૧) બીમારી માત્ર માણસને માટે શરમની વાત હોવી જોઈએ. બીમારી કોઈ પણ દોષની સૂચક છે. જેનું તન, મન સર્વથા સ્વસ્થ છે તેને બીમારી થવી ન જોઈએ.

(૨) માણસે અલ્પ આહાર કરવો જોઈએ અને અવારનવાર ઉપવાસ કરવા જોઈએ.

(૩) કદાચ મારા જેટલાં ફળો કોઈએ નહીં ખાધાં હોય. છ વર્ષ સુધી હું માત્ર ફળો અને મેવા પર જ રહ્યો. આરોગ્ય માટે તાજાં ફળ અને તાજાં શાકભાજી આપણા આહારનો મુખ્ય ભાગ હોવો જોઈએ.

(૪) સંપૂર્ણ તંદુરસ્તીનો આધાર સંપૂર્ણ મન પર છે. પૂર્ણ મન પૂર્ણ હૃદયમાંથી ઉદ્ભવે છે. ડૉક્ટરના સ્ટેથોસ્કોપથી જે જાણી શકાય છે તે હૃદય નહીં પણ એ હૃદય જે ઈશ્વરનું મંદિર



છે. એવું કહેવાય છે કે હૃદયમાં ઈશ્વરનો સાક્ષાત્કાર થાય એટલે માણસના મનમાં મેલો કે નકામો વિચાર પ્રવેશ કરી શકતો નથી. **વિચારની શુદ્ધિ હોય ત્યાં રોગ અશક્ય બની જાય છે.**

(૫) બીડી એ એવા સૂક્ષ્મ પ્રકારનો નશો છે કે કેટલેક દરજ્જે તો એ દારૂના કરતાં પણ વધારે ખરાબ ગણાવો જોઈએ.

(૬) સદાચારમાં ઈશ્વરના બધા કાયદા આવી જાય છે. જેમ કે હદ ઉપરાંત કામ ન કરવું એ એક કાયદો પણ હદ છૂટી એમ કોણ જાણે? માંદા પડે એ જણાય. મિતાહાર અને યુક્તાહાર બીજો ફાયદો છે. એ મર્યાદા ક્યારે ઓળંગાઈ એ કોણ જાણે? આવા દાખલા તો ઘણા કલ્પી શકાય. બધાનો સાર એ જ કે દરેક માણસે પોતનો વૈદ્ય થઈ, પોતાને લાગતો કાયદો શોધી કાઢવો. તો તે ૧૨૫ વર્ષ જીવે જ.

**('શાશ્વત ગાંધી', પુસ્તક : ૨૮, પૃ. ૨૮)**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) **૨૨૧૩૮૧**, (રહેઠાણ) **૨૩૦૨૨૨.**

# વિષ્ણુસહસ્રનામો અંગે નવો દૃષ્ટિકોણ

—સ્વામી સચ્ચિદાનંદ

'મહાભારત'ના પાંચ રત્નોમાંનું 'વિષ્ણુસહસ્રનામ' એક રત્ન છે. જેને ઈશ્વર સંબંધી બૌદ્ધિક જિજ્ઞાસા હોય તેના માટે આ ગ્રંથ ઘણો ઉપયોગી થઈ શકે છે. માત્ર હિંદુઓ માટે જ નહીં પણ બધા ઈશ્વરવાદીઓ માટે આ ઉપયોગી ગ્રંથ છે. મહાન વ્યાસજીએ ઈશ્વરનાં હજાર નામો વીણીવીણીને અહીં સંકલિત કર્યા છે. સંસ્કૃતમાં નામોના બે પ્રકાર હોય છે : (૧) અન્વર્થક અને (૨) અનન્વર્થક. અન્વર્થક નામ તે છે, જેનો અર્થ નીકળે અને તે નામીમાં ઘટે. જેમ કે કોઈનું નામ 'વીરસિંહ' હોય જેનો અર્થ બહાદુર પુરુષ થાય અને તેવો જ અર્થ તે વ્યક્તિના જીવનમાં હોય અર્થાત્ તે સ્વયં બહાદુર પણ હોય.

અનન્વર્થક નામ તેને કહેવાય કે નામનો અર્થ જ ન નીકળે અને નીકળે તો વ્યક્તિમાં જરાય ઘટે નહીં. જેમ કે પિન્ટુ—ચિન્ટુ—મિન્ટુ વગેરે અને વીરસિંહ નામ હોય પણ માણસ પૂરેપૂરો કાયર હોય—આવા નામને અનન્વર્થક કહેવાય.

'વિષ્ણુસહસ્રનામ'માં બધાં નામો અન્વર્થક છે, અર્થાત્ નામ પ્રમાણેના અર્થો ભગવાનમાં ઘટે છે. આ બધાં નામોના અર્થ કરવા જતાં ઈશ્વર વિશેની માન્યતાઓ અને ધારણાઓ સ્પષ્ટ થતી જાય છે, સાથેસાથે ધર્મની પણ સ્પષ્ટતા થતી જાય છે. તેથી બૌદ્ધિક જિજ્ઞાસુને આ નામોમાંથી ઘણાં સમાધાનો મળી શકે છે. જોકે ઘણી નવી જિજ્ઞાસાઓ ઉત્પન્ન પણ થતી જવાની, જે શુભ



લક્ષણ કહેવાય.

'મહાભારત' સાંપ્રદાયિક ક્ષેત્ર નથી તેથી 'વિષ્ણુસહસ્રનામ' પણ સાંપ્રદાયિક નથી. ગ્રંથકારે હજારો નામોમાંથી માત્ર હજાર નામ જ પસંદ કર્યાં છે. કોઈ એમ ન સમજે કે ભગવાનનાં માત્ર હજાર જ નામ છે, હજારો—લાખો નામો છે. સંસ્કૃતભાષાની આ ખાસિયત છે કે તેની પાસે વિશાળ ટંકશાળ છે. જેટલા સિક્કા છાપવા હોય તેટલા છાપી શકો છો.

પ્રત્યેક નામ પોતાનો આગવો અર્થ બતાવે છે અને પ્રત્યેક અર્થ નામના માધ્યમથી ધર્મનું સ્વરૂપ પણ બતાવે છે, તેથી એક તરફ ઈશ્વર વિશેની માન્યતા સ્પષ્ટ થતી જાય છે તો બીજી તરફ ધર્મ વિશેની ધારણા પણ સ્પષ્ટ થતી જાય છે. આમ ઈશ્વર અને ધર્મ બંનેને સમજવામાં આ ગ્રંથ ઉપયોગી થઈ શકે તેમ છે.

ઈશ્વર અને ધર્મની બાબતમાં હિંદુ ધર્મમાં સતત ઘાલમેલ થતી રહી છે. નવાનવા સંપ્રદાયો નીકળતા રહ્યા અને સૌ પોતપોતાના નવાનવા ભગવાનો સ્થાપિત કરતા રહ્યા. કોઈ પ્રતિરોધ ન હોવાથી જેને જેમ ફાવે તેમ પોતાના ભગવાન અને ઈશ્વરની વ્યાખ્યા કરતા રહ્યા છે. આ કારણે ધાર્મિક ઉદારતા અને સહિષ્ણુતા આવી છે તે વાત ખરી, પણ તે કારણે પ્રજા મોટા ગૂંચવાડામાં અટવાઈ ગઈ છે તે વાત પણ તેટલી જ સાચી છે. એક સિક્કાની બે બાજુઓ થઈ છે. એક તરફ ઉદારતા—સહિષ્ણુતા તો બીજી તરફ ગૂંચવાડો જ ગૂંચવાડો. આ બંને બાજુઓ ચાલી રહી છે. જે ચુસ્ત અને કટ્ટર સાંપ્રદાયિકો હોય છે તેમાં કદાચ ગૂંચવાડો નથી હોતો, પણ ઉદારતા અને સહિષ્ણુતા પણ નથી હોતી. જોકે આવા સંપ્રદાયો અનુયાયીઓનાં વાચન—

સત્સંગ—ચર્ચા સીમિત કરી નાખતા હોય છે, અર્થાત્ પોતાના ચોકઠામાં જ વાંચવાનું, વિચારવાનું, બહારનું નહીં. આ કારણે તેઓ વધુ સંકુચિત થઈ જતા હોય છે, જે અસહિષ્ણુતાના ઘણા પ્રશ્નો ઊભા કરે છે.

વિશાળ અને મુક્ત વાચન વિચાર ઉત્પન્ન કરે છે. વિચારોમાંથી જિજ્ઞાસા પેદા થાય છે. જિજ્ઞાસામાંથી તત્ત્વજ્ઞાન જન્મે છે. ચુસ્ત સાંપ્રદાયિકોમાં વૈચારિકતા નથી હોતી. ઘાંચીના બળદની માફક એક ને એક જગ્યાએ જીવનભર ગોળગોળ ફર્યા કરવાનું હોય છે. આ પુસ્તક કદાચ ઘાંચીવૃત્તિથી છુટકારો અપાવશે એવી મને આશા છે.

આ પુસ્તકમાં બધાં હજાર નામો લઈ શકાયાં નથી, માત્ર અડધાં જ લેવાયાં છે. બાકીનાં બચેલાં અડધાં નામો માટે બીજો ભાગ ભગવાન લખાવશે ત્યારે પ્રગટ થશે. (પહેલો ભાગ પ્રસિદ્ધ થયો છે)

મારા માટે સૌથી આશ્ચર્યકારક વસ્તુ એ છે કે જે હિંદુ ધર્મમાં એકેએક દેવ શસ્ત્રધારી અને વીરતાભરી કથાઓથી સંકળાયેલો છે તે જ ધર્મના લોકો શસ્ત્રત્યાગી અને કાયર કેમ થઈ ગયા? ખાસ કરીને વિષ્ણુભગવાન અને તેમના અવતારો તો પૂરેપૂરા શસ્ત્રધારી, પ્રેમ અને વીરતાઓની કથાથી ભરપૂર રહ્યા છે, તેમના અનુયાયીઓ તેમનાથી ઊલટા કેમ થઈ ગયા?

મને લાગે છે કે વ્યાખ્યાતાઓએ જેવી વ્યાખ્યા કરી તેવો પ્રભાવ પડ્યો. ધર્મવ્યાખ્યાતાઓને પાંચ ભાગમાં વહેંચી શકાય.

૧. ચુસ્ત અહિંસાવાદી, જેમણે શસ્ત્રત્યાગી નિષ્ક્રિય પલાંઠિયા ભગવાનો પ્રસ્તુત કર્યા.



૨. પરંપરામાન્ય બધા ભગવાનો માન્ય કરવા છતાં તેમની વીરતાના અંશોની ઉપેક્ષા કરી. ભગવાનને ભોગપ્રધાન અને શૃંગારપ્રધાન સ્થાપિત કરી દીધા. સવારથી રાત સુધી ભગવાન ખા—ખા કરે, નવાં જામા અને ઘરેણાં ધારણ કરે અને પછી ઘણો સમય ઊંઘ્યા કરે— દિવસે પણ.

ભગવાનનું આ ભોગપ્રધાન અને શૃંગારપ્રધાન રૂપ ખૂબ જામ્યું, લોકોને ગમ્યું અને પૂજારીઓને પણ મજા પડી ગઈ, કારણ કે ભગવાનના ભોગો અંતે તો પૂજારીઓના જ થઈ જતા હોય છે.

આ ભોગોનો વધ્યોઘટ્યો ભુક્કો પણ ભૂખ્યા લોકો સુધી ન પહોંચ્યો.

૩. કેટલાક પ્રભાવશાળી લોકોએ ધર્મની જગ્યાએ દર્શનને વધુ મહત્ત્વ આપ્યું અને તેમણે ઠસાવ્યું કે જગત છે જ નહીં—છે તો મિથ્યા છે, સાચું નથી. અને હું પોતે જ બ્રહ્મ છું. મારે કશું કરવાનું રહેતું નથી. આવા દાર્શનિક પ્રચારના પ્રભાવથી લોકો પલાયનવાદી બન્યા. માત્ર શસ્ત્રત્યાગ જ નહીં, કર્તવ્યત્યાગ, વીરતાત્યાગ આદર્શ થઈ ગયો.

૪. કેટલાક લોકોએ ધ્યાનમાર્ગ પસંદ કર્યો. બધાં દુઃખોનું મૂળ ઇચ્છા છે અને ધ્યાન—સમાધિ કરીને ઇચ્છાનો ક્ષય અથવા નાશ કરવાથી શાંતિ અને નિર્વાણ પ્રાપ્ત થાય છે. લોકો આ માર્ગે વળી ગયા. ગુફાઓ બની અને ગુફાઓમાં પલાંઠી વાળીને દેશનો ક્રીમ વર્ગ બેસી ગયો. પરલોકની એવી લગન લાગી કે આ લોકની ઘોર ઉપેક્ષા કરવામાં આવી. ગુફાઓમાં બેઠેલા લોકોમાંથી કેટલાક યોગી—મહાયોગી થયા પણ ઉપભોગી ભાગ્યે

જ કોઇ થયું. દેશ અને પ્રજા ભૂખ–તરસ–ગરીબાઇમાં સબડતાં હતાં તેમાંથી છૂટવાના કામમાં કોઇ ન લાગ્યું. પરિણામે દેશ ગુલામ થયો.

યાદ રહે, ધ્યાન–સમાધિ અને બ્રહ્મચર્ય કુદરતી નથી, કુદરતવિરોધી છે, તેથી તેમાં ભાગ્યે જ કોઇને સફળતા મળતી હોય છે. ધ્યાનની જરૂર જ નથી, ધ્યાનથી કામ કરવાની જરૂર છે.

પશ્ચિમના લોકો ગુફામાં ન ગયા પણ પ્રયોગશાળામાં ગયા અને ધ્યાનથી પ્રયોગો કરવા લાગ્યા. તેમાંથી વીજળી પેદા થઇ, હજારો સંશોધનો પેદા થયાં. તેઓ યોગી તો ન થયા પણ ઉપયોગી થયા. તેમની શોધખોળોથી આજે પૂરું વિશ્વ લાભ ઉઠાવે છે.

આપણા યોગીઓએ ચમત્કારો કર્યા, પણ તે ભક્તો આગળ, આક્રાન્તા મહમદ ગઝનવી જેવા આગળ કોઇ ચમત્કાર ન કર્યો. બિંદાસ્ત થઇને તે અને તેના જેવા અનેકો ભારતને લૂંટતા રહ્યા– ધમરોળતા રહ્યા. યોગીઓ ગુફામાં બેઠાબેઠા મનને વશ કરવાની સાધના કરતા રહ્યા. હજી પણ લોકો સમજે કે ધ્યાન કુદરતી નથી, અકુદરતી છે. ખોટી મથામણ ન કરો. યોગી નહીં ઉપયોગી બનો. ધ્યાનથી કામ કરો.

૫. કેટલાક લોકો અગ્નિ તરફ વળ્યા. મોટામોટા અને લાંબા–લાંબા બહુ ખર્ચાવાળા યજ્ઞો કરવા બેસી ગયા. સ્વાહા– સ્વાહા કરીકરીને હજારો મણ અનાજ, ઘી, વગેરે હોમતા રહ્યા. બધા પ્રશ્નોનો ઉકેલ યજ્ઞોથી આવી જશે તેવી ખાતરી કરાવતા રહ્યા પણ વ્યર્થ. કશું જ પરિણામ નહીં. હજી પણ અનેક



કુંડીઓના યજ્ઞો થયા કરે છે. પરિણામ કાંઇ નહીં–હા, આયોજકો ધનવાન થઇ ગયા.

આમ જોઇએ તો ભારતની હિંદુ પ્રજાને અનેક રીતે ગેરમાર્ગે વાળવામાં આવી હતી અને આવી રહી છે. તેથી પ્રજા દીન– દરિદ્ર, લાચાર, ગુલામ થઇ. હવે તો કાંઇક ભાન આવે તો સારું. ગુમરાહ કરનારા ભગવાન થઇને પૂજાય છે તે ઓછા દુઃખની વાત નથી.

આવા વિકટ સમયમાં આ પુસ્તક લોકો આગળ નવી આધુનિક વ્યાખ્યા સાથે મૂકવાનો પ્રયત્ન થઇ રહ્યો છે. તેનાથી શું પરિણામ આવશે તે તો ભગવાન જાણે, પણ નગારખાનામાં નાની પિપૂડી વગાડવાનો મને સંતોષ થશે.

આ એ ભારત છે જ્યાં સીતાના પાલવનો વિકૃત સ્પર્શ કર્યો એ રાવણના દસે–દસ માથાને કાપીને માટીમાં રગદોળી દેવામાં આવ્યા હતાં અને દ્રૌપદીની લાજ લુંટવાનો પ્રયત્ન કરનાર દુઃશાસનના હાથ ઉખાડીને ફગાવી દેવામાં આવ્યા હતા.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# પૂ.માની ઈટાલી યાત્રા

—મા સર્વેશ્વરી

**૯/૭/૨૦૧૧ ફ્લોરેન્સથી રોમ**

હે પરમાત્મા લક્ષકોટી પ્રણામ, પ્રણામ, પ્રણામ.

આપે ધરેલા શ્વાસથી જીવનને માણી રહ્યાં છીએ. આ દેહે થયેલા ને થશે તે સર્વ અક્ષમ્ય અપરાધો ક્ષમા કરો. હે ગુરુભગવંત, આપના પાવન શ્રી ચરણોમાં પ્રણામ, પ્રણામ, પ્રણામ.

આ જીવનમાં માત્ર આપના પ્રતિ વહેતા ભાવો જ દૃઢ કરો. બાકીના સર્વ સંબંધોને શાંત કરી દો, શાંત કરી દો. જોવાની, સાંભળવાની, બોલવાની, સુંઘવાની સર્વ શક્તિઓને આપના શ્રી ચરણોમાં વાળી દો, વાળી દો, વાળી દો.

નાનપણથી ઈતિહાસમાં જેનું નામ સાંભળેલું તે રોમમાં બપોરે પ્રવેશ્યાં. રોમમાં પ્રવેશતાં પ્રથમ કાર્ય ભોજનનું થયું. ભક્તોના ભોજનની, રહેવાની, ફરવાની બધી જ સુવિધા મુંબઈના પેલા પારસીબાનું શ્રી ફરસાનાએ કરી હતી.

એટલે મહારાજા રેસ્ટોરન્ટમાં ૭ ભક્તોએ ભોજન લીધું. ક્ષીપ્રા તથા હેમંતભાઈએ મા સાથે ગરમીની આકરી મોજ માણતા માણતાં રોમનો પ્રવેશ જાણે નિર્જળાવ્રત સાથે કસોટી કરનારો કર્યો.

ભોજન પછી ત્યાંજ રેસ્ટોરન્ટમાંજ ગાઈડભાઈ મળ્યા. બસમાં સાથે રહ્યા.

રોમના મધ્યભાગમાં જાણીતા કોલેશીયમ નામના સ્થળે



આવી ગયાં.

રોમન સામ્રાજ્યમાં આ સ્થળ કોલેશીયમ એમ.પી. થીએટર તરીકે જાણીતું હતું.

સીત્તેર હજાર ગુલામોની મજૂરી આઠ વર્ષ આ બાંધવામાં વીતી. થીએટરના ૮૦ દ્વાર એટલે ૫૦,૦૦૦ માણસો માત્ર ૦॥ કલાકમાં અંદર આવીને બેસી શકતા.

અહીં ગુલામોને ભૂગર્ભ માર્ગે લાવીને મંચ ઉપર પહેલવાન તથા પ્રાણીઓ જોડે યુદ્ધ કરાવી પ્રજાને મનોરંજન પૂરું પાડતા. એ મનોરંજનને જોવા પ્રજા પૈસા ખરચીને આવતી. હિંસક પ્રાણીઓ સાથે તો ભાગ્યેજ કોઈ રક્ષાયેલું રહેતું.

૩૦૦ વર્ષ આ થીએટરનો ઉપયોગ આવી ક્રૂર રમત કે યુદ્ધ માટે જ થયો. ૩૦૦ વર્ષમાં લાખો ગુલામોએ પોતાના પ્રાણ અહીં જ ગુમાવ્યા.

તે જમાનામાં હાથથી દોરડા ખેંચીને લીફ્ટ બનાવેલી અહીં ચાલતી હતી.

વિશ્વનું સૌ પ્રથમ આવું મોટામાં મોટું આ એમ.પી. થિયેટર હતું. ઈજનેરી ક્ષેત્રનું આ બાંધકામ જોવા જેવું ગણાય.

આજે પણ તેને સાચવવાના પ્રયત્ન થઈ રહ્યા છે. દરરોજના ત્રણ હજાર પ્રવાસીઓ મુલાકાત લે છે.

૩૦૦ વર્ષ આ થિયેટર ક્રૂર રમત માટે વપરાયું પછી પ્રથમ ખ્રિસ્તી રાજા થયા. તેમણે એ રમત બંધ કરાવી. અને આ આખી ઈમારત ચર્ચને દાન કરવામાં આવી.

રોમન સામ્રાજ્યમાં નીરો નામનો રાજા તરંગી ને ક્રૂર હતો. તેણે સોનાનો મહેલ પોતાને માટે બંધાવ્યો હતો. તે બનાવવા માટે તેણે રોમને આગ લગાડી હતી.

૩૦૦ વર્ષમાં બધાજ ક્રૂર રાજાઓએ આ સ્થળને જાણે સ્મશાનગૃહમાં પલટાવી દીધું.

આ બધું જાણી મા લખે છે. તો તો આપણે થિયેટરમાં નહીં, આ તો ઘણી મોટી સ્મશાનભૂમિમાં આવી ગયાં. અહીં તો મંગલ મંદિર ગાવું પડે. એક ઇટાલીની પ્રજાએ લોહી રેડ્યું છે, માટેજ રાષ્ટ્રધ્વજમાં રંગ એ લોહીનો છે. સફેદ રંગ આલ્પ્સ પર્વતની હિમાચ્છાદિત ટોચનું પ્રતીક છે. અને લીલો રંગ હરીયાળીનો. અહીં સાયપ્રસ નામના હરીયાળા છોડનું પ્રતીક છે.

હિંસક વાતોથી જ ભરપૂર આ રોજનો ઇતિહાસ દયાપાત્ર છે. જાણે કાન પણ એવી હિંસક વાતોથી દૂષિત થઇ ગયા. આંખ પણ જાણે એ બધું જોવાથી દૂષિત થઇ. અરે! આપણા પગ પણ જાણે દૂષિત થઇ ગયા.

આ દૂષિત અંગોને ધોવા શ્રી ગંગાજી જવું જોઇએ. અહીંથી સીધા હરિદ્વાર જવું જોઇએ એવું માને લાગે છે.

કેટલી બધી ક્રૂરતા એ ભૂમિ ઉપર લખાઇ હશે. હે હરિ! જેમણે જેમણે પ્રાણ ગુમાવ્યા, તે તે સૌને શાંતિ આપો.

રોમ શહેરના મધ્યભાગમાં સ્મારકો છે. એક સફેદ સ્મારક પણ છે. જે રાજા ઇટલીના નાના નાના અનેક રાજ્યોને એક કરીને દેશને એકતાના પથ ઉપર લાવ્યા.

એ સમજાવતા હતા ત્યારે સતત સરદાર વલ્લભભાઇ પટેલનું ઐતિહાસિક સેવાકાર્ય સ્મરણપટ ઉપર રમતું હતું.

ઇટલીએ બન્ને વિશ્વયુદ્ધમાં ભારે પછડાટ ખાધી છે, છતાં વરસો જૂના સ્મારકો સચવાયાં છે.

એ સ્મારકો સુખદ ને દુઃખદ બન્ને છે. ઐતિહાસિક દૃષ્ટિએ રોમનું નામ લોકજીભે રમતું રહ્યું છે.



આ બધાં સ્મારકો જોવા લાંબી લાંબી પદયાત્રા કરવી પડે છે. પદયાત્રા દ્વારા સૌના આરોગ્ય સુધરી રહ્યાં છે. અપચો કે ગેસ, ચરબી જેવી કોઇ તકલીફ જ ના થાય.

સ્વિત્ઝર્લેન્ડ ને ઇટલીમાં કોઇ એવા સ્થૂળકાયાવાળા માણસો જોવા ના મળ્યા. સૌ પાતળા ને માપસરના હોય એવું લાગ્યું.

સાયકલનું અહીં ઘણું મહત્ત્વ છે. સ્વિત્ઝર્લેન્ડમાં સાયકલના માર્ગ પણ જુદા. મુખ્ય માર્ગ ઉપર પણ સાયકલની પગદંડી અલગ જોવા મળે. મોટે ભાગે યુવાનો, વૃદ્ધો સાયકલ ઉપર જ જોવા મળે.

એક રીતે આરોગ્ય માટે તે વ્યાયામ ઉત્તમ હોય છે. વિવિધ દેશ, વિવિધ દશ્યો, વિવિધ પ્રજા ને વિવિધ વિશેષતા સાથે યુરોપ યાત્રા હવે તેના અંતિમ પગલાં પાડી રહી છે.

આવતી કાલે આ દેશની યાત્રાનો અંતિમ દિન છે. હે હરિ, આપે સુરક્ષિત યાત્રા રાખી છે.

આપનું રક્ષાકવચ અદશ્ય રીતે સૌના મસ્તકે છે, એની પ્રતીતિ આજે જ થઇ.

રોમના રેલ્વે સ્ટેશન પાસે આવેલી બેસ્ટ વેસ્ટર્ન હોટલમાં આવી ગયાં. દરેકને રૂમ પણ મળી ગયા.

સૌ હવે રાતના ભોજન માટે ફરી પેલા રેસ્ટોરન્ટમાં ગયા છે.

માના ઓરડામાં મા એકલાં જ છે, બાથરૂમમાં ટબ ઉપરનાં કાચના બે દ્વાર હોય છે. માએ સ્નાન માટે તૈયારી કરવાની છે ને કાચના દ્વાર ઉઘાડીને બહારથી હવે વસ્ત્રો ને બ્રશ લઇને બાથરૂમમાં જવાનું છે.

માત્ર બે જ સેકન્ડ માટે મા બહાર આવ્યાં છે. ત્યાંજ

બાથરૂમના કાચનું એક દ્વાર જોરથી તૂટીને ટબમાં પડ્યું. ટબમાં મોટું કાણું પડી ગયું!

જો મા બે સેકન્ડ પહેલાંજ વસ્ત્રો લઈને સ્નાન માટે ટબમાં પ્રવેશ કરત તો તે કાચ મા ઉપર જ પડવાનો હતો.

પણ શ્રી હરિ સાથે હતા તેમનું દિવ્ય, અદૃશ્ય રક્ષાકવચ માને મસ્તકે હતું, એટલે બે જ સેકન્ડ માટે માની રક્ષા કરી લીધી.

જાડો ધારદાર કાચ માના મસ્તકે કે પગ ઉપર જ સીધો પડત. પણ શ્રી હરિએ એક મોટી મુશ્કેલીમાંથી રક્ષા કરી લીધી.

કાચનું એ દ્વાર તૂટવાનો અવાજ એવો ભયંકર હતો કે એક મિનિટ માટે તો મા પણ ગભરાઈને શું કરવું તેની ચિંતામાં પડી ગયાં!

શ્રી હરિ સતત સાથે છે એની આવડી મોટી પ્રતીતિ વિદેશની ધરતી ઉપર ધરી છે.

કાચનું એ દ્વાર ખૂબ વજનદાર ને ધારદાર હતું. માના શરીરમાં ઈજા થાત જ ને માને હોસ્પીટલમાં ડૉક્ટરોની દુનિયામાં જવું જ પડત.

પણ આ અજાણ્યા દેશના અજાણ્યા શહેરમાં શ્રી હરિએ સાચા રક્ષક બનીને માને ઉગારી લીધાં!

મારે માથે હજાર હાથવાળો

અખંડ મારી રક્ષા કરે,

વરસોથી ગવાતું એ પદ જાણે આજે ફરી ફરી સ્મરણમાં રમતું રહ્યું.

હે, સમર્થ રક્ષક, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

**(ક્રમશઃ)**



# ભગવાન મહાવીર પ્રસિદ્ધોની પ્રસિદ્ધિમાં

**સંકલનઃ—આ.વિ.કલ્યાણ બોધિસૂરિ**

એક ભિખારીને કોઈએ પૂછ્યું, ''રિલાયન્સવાળા પાસે કેટલા રૂપિયા હશે.'' એણે કહ્યું, ''લાખો રૂપિયા.'' પેલાએ આ જ સવાલ એક કલાર્કને કર્યો. એ કહે, ''કરોડો રૂપિયા.'' પેલો હજી આગળ વધ્યો, કોઈ ઓફિસરને એણે એ જ પ્રશ્ન કર્યો. એનો જવાબ 'અબજો'માં હતો.

જેની જેવી ક્ષમતા, એવું એનું મૂલ્યાંકન, મોટાનું મૂલ્યાંકન કરવા માટે પણ ક્ષમતાની જરૂર હોય છે. અહીં પ્રસ્તુત છે કેટલીક સક્ષમ વ્યક્તિઓના ઉદ્‌ગારોમાં ભગવાન મહાવીરનું મૂલ્યાંકન. એ વ્યક્તિઓ માત્ર સુપ્રસિદ્ધ જ નહીં. ધર્મ, સંસ્કૃતિ, સમાજ અને જનજીવનનો ઊંડો અભ્યાસ કરનારી પણ હતી, માટે જ એમનું મૂલ્યાંકન અને અભિપ્રાય બીજા લાખો—કરોડો લોકોના અભિપ્રાય તુલ્ય કે તેનાથી પણ અધિક બની જાય છે. ભગવાન મહાવીરના ૨૬૧૩માં જન્મદિનની શુભ અવસરે આ મૂલ્યાંકન માત્ર પ્રાસંગિક જ નહીં, રસપ્રદ પણ થઈ પડશે.

★ વર્તમાન સમયમાં ભગવાન મહાવીરસ્વામીનું નામ જો કોઈ પણ સિદ્ધાંત કાજે વિશેષ પૂજાતું હોય તો તે અહિંસા છે. કોઈ પણ ધર્મની શ્રેષ્ઠતા એ વાતમાં છે કે તે ધર્મમાં અહિંસા—તત્ત્વની કેટલી પ્રધાનતા છે. આવા અહિંસાના તત્ત્વને જો કોઈએ વધારેમાં વધારે વિકસાવ્યું હોય તો તે ભગવાન મહાવીર સ્વામીએ.

**—મહાત્મા ગાંધીજી**

★ તમે એક દૃશ્ય સામે રાખો કે—એક મહાપુરુષ ઊભા છે. તેમના દેહ પર વસ્ત્ર નથી. તેમનું અંતઃકરણ દયાથી પરિપૂર્ણ છે. અસંખ્ય જીવજંતુ તેમના શરીર પર ઉપર બેસી ડંખ મારી રહ્યા છે, તો પણ તેમને અંશ માત્ર ક્રોધ થતો નથી. અરે! દુઃખની કોઇ વેદના નથી : આનું નામ જ મહાવીર છે.

મહાવીર બનવું એ સાધારણ વાત નથી. ડરપોક અને કમજોર આદમી મહાવીર ન બની શકે. જે વીર હોય તે જ આગળ વધી મહાવીર થઇ શકે છે.

મહાવીરસ્વામી ઘણા જ શાંત—સ્વસ્થ હતા. તેમના ચિત્તને વ્યગ્રતા સ્પર્શતી નહોતી. ભગવાન મહાવીરસ્વામી અનાગ્રહી હતા. તેઓ કહેતા કે વિશ્વમાં ભિન્ન—ભિન્ન પ્રકારના જેટલા વિચારો છે, તેનો પ્રતિકાર કરવાને બદલે તેમાં જે સત્યનો અંશ છે એને ગ્રહણ કરવો જોઇએ. ભગવાન મહાવીરસ્વામીનો આ ખૂબ વિશાળ વિચાર છે. જેનાથી તેઓ અહિંસાની ઊંડાઇ સુધી પહોંચી શક્યા. અન્ય કોઇ વ્યક્તિ આટલી ઊંડાઇએ નથી પહોંચી.

ભગવાન મહાવીરસ્વામીએ ભારતદેશને જે ઉપદેશ આપ્યો, જેને ભારત દેશ ક્યારેય ભૂલી શકશે નહીં.

—વિનોબા ભાવે

★ જૈન સંસ્કૃતિની નિર્ભયતા અને નિઃસ્પૃહતાએ એકવાર ઇજિપ્ત, યુનાન અને બેબિલોનના વિચારકો, વિદ્વાનો ઉપર જાદુઇ અસર કરી હતી અને પેરે નામનો એક તત્ત્વવેત્તા કહે છે કે, ‘મને ખરું તત્ત્વજ્ઞાન જૈન સાધુઓ પાસે જ મળ્યું છે.’



એ શ્રમણ સંસ્કૃતિના પ્રચારક અને પ્રવર્તક ભગવાન મહાવીરની મૂર્તિ મારા અંતરમાં જડાઇ ગઇ છે. હું આંખો મીંચું છું અંતરમાં ભગવાન મહાવીરની તેજસ્વી પ્રતિમાનાં મને દર્શન થાય છે.

—સાધુ ટી. એલ. વાસવાણી

★ ભરજુવાનીમાં ભરચક વૈભવ અને સમૃદ્ધિથી ઘરસંસારનો ત્યાગ કરી દેવો એ મોટી વાત છે એ ગુણ વર્ધમાનકુમારમાં હતો, પણ જરા ઊંડા ઊતરીએ તો ભગવાન મહાવીરના હૃદયમાં જે આગ ભભૂકતી હતી તેની પાસે એ ત્યાગ નાનો બની જાય છે.

રાજપાટ છોડીને ચાલી નીકળવાનું એમને કોઇ સબળ કારણ ન હતું, એટલે એમ માનવું પડે છે કે રાજપાટના ત્યાગ પાછળ કોઇ જબ્બર સિદ્ધાંતનું બળ જરૂર હોવું જોઇએ. વીરપુરુષો ગુસ્સામાં આવીને કોઇ કામ નથી કરી નાખતા. રાજપાટનો ત્યાગ કરી નાખવો એ સામાન્ય વાત છે, પણ એ ત્યાગ નિભાવી રાખવો બહુ મુશ્કેલ છે, તો જ એ ત્યાગ નમે. વળી અહીં જે સિદ્ધાંતની વાત કરી તે કંઇ એકદમ અધ્ધરથી ટપકી પડતો નથી. સિદ્ધાંત વિકાસ માગે છે. સિદ્ધાંત જીવનનો જ એક ભાગ બની જવો જોઇએ. ત્યાગ પહેલાનાં વર્ષોમાં ભગવાન મહાવીરે કેટકેટલું મનોમંથન કર્યું હશે? કેટકેટલાની ભ્રાંતિઓ ભાંગી હશે? કેટકેટલી નાની—મોટી મુશ્કેલીઓ વેઠી હશે? અને એ સિદ્ધાંતને પોષવા કેટલું ધૈર્ય દાખવ્યું હશે? ત્યાગના માર્ગે પગલાં માંડનાર મહાવીરને માર્ગ સાફ કરતાં કેટલી વિટંબણા વેઠવી પડી હશે?

સૌનાં સ્નેહબંધનો સ્વીકારવાં, પણ વખત આવ્યે એ બંધનોની ગાંઠ ઢીલી કરીને ચાલી નીકળવું એ શું જેવી તેવી તપસ્યા છે? બધાં લૂગડાં પહેરીને પાણીમાં ડૂબકી મારો, પણ બહાર નીકળો ત્યારે એક પણ લૂગડું ભિંજાયેલું ન હોવું જોઇએ, એના જેવી આ વાત છે. ભગવાન મહાવીરે સંસારસાગરમાં ડૂબકી તો મારી, પણ એમણે પોતાના એકે વસ્ત્રને ભિંજાવા ન દીધું : કોરે કપડે એ સંસારમાંથી ચાલી નીકળ્યા.

**—મહાત્મા ભગવાનદીનજી**

★ શ્રમણ ભગવાન મહાવીરે વિચાર, વાણી અને વર્તનથી વિશ્વના પ્રાણીમાત્રના કલ્યાણ માટે જ પોતાની અમૂલ્ય જીવનયાત્રા સંપન્ન કરી હતી. આ આદર્શ વિભૂતિને આજે પોતાના જીવનના આધાર માટે, અભ્યુદય માટે અને અભ્યુત્થાન માટે યાદ કરવા અનિવાર્ય છે. જે વાત્સવમાં જ પ્રાણીમાત્ર માટે પૂજનીય અને પરમોપકારી મહાપુરુષ હતા.

**—સ્વામી ઋષભદાસજી**

★ ભગવાન મહાવીર એક અગાધ સમુદ્ર હતા, માનવપ્રેમની ઊર્મિઓ જોરથી ઊછળતી હતી; અને માત્ર માનવીને જ શા માટે, સંસારના પ્રાણીમાત્રની ભલાઇ માટે એમણે બધાંનો ત્યાગ કરી દીધો હતો.

**—મહાત્મા શિવવ્રતલાલજી વર્મન**



# ચિંતન

**—પરમ અવધૂત વિમલા ઠકારે**

કોઇ કહે અને કરવું પડે એ મજૂરી, કોઇને
જરૂર હોય અને કરીએ એ સેવા, અનુભવી
સંત કહે અને કરીએ એ સાધના, સમજથી
થાય એ જાગૃતિ અને પ્રભુ સર્વત્ર છે એમ
અનુભૂતિથી જીવીએ એ "પ્રેમ"

★★★★

પ્રભુ પ્રેમનું ઝરણું એ જ પ્રેમ. પ્રેમ સરિતાનું
સ્વરૂપ ધારણ કરી વહે છે ત્યારે ભક્તિની
સુગંધ પ્રસરે છે. પ્રભુ ભક્તિ એજ જીવનનું
સત્ય સ્વરૂપ છે.
સત્ય સ્વયં સુંદર છે એટલે એણે શણગારની
જરૂર નથી. અસત્યને ગમે તેટલી ચીવટથી
શણગાર કરવાથી સત્ય નથી બનતું.
શુભ કર્મ માટે કાળ કશું કરી શકતો નથી
અને અશુભ કર્મને કાળ કદીય છોડતો નથી.

★★★★

યોગ્ય વસ્તુ અયોગ્ય સ્થાને અને અયોગ્ય
સ્થાને યોગ્ય વસ્તુ એ અવ્યવસ્થાની જનની
છે. અવ્યવસ્થા જીવનનાં માધુર્યમાં ઝેર સમાન છે.
જગત અને જીવ પ્રકૃતિગત વર્તે ત્યારે
બંધનોનો વ્યાપ વધે છે પણ જગદીશને વરે
ત્યારે મુક્તિની મહેંક પામે છે.

અનાદિ સુધીનો ભૂતકાળ અને અનંત
સુધીનો ભવિષ્યકાળ જ્યાં મળે એ જ છે
વર્તમાનકાળ. વસ્તુતઃ આત્મઉજાસમાં
કાળ નામનું આવરણ ઓગળી જાય છે.

★★★★

**''ઓમકારનો નાદ''**

મધ્યરાત્રિએ ગુણગુણ કરતું મચ્છર આવ્યું.
ગુણગુણનો ઘોંઘાટ વધવા લાગ્યો,
અમે પૂછ્યું, શા માટે મધ્યરાત્રિએ તકલીફ આપે છે,
કોઈ અગત્યનો સંદેશો છે?
હા, ખૂબ જ જરૂરી, અગત્યનો અને તાત્કાલિક સંદેશો છે.
હું પ્રભુનો દૂત છું,
તમને ગુણગુણ કરી ઘોંઘાટ નથી કરતું,
મારી પાસે તમારાં જેવી કોઈ ઈન્દ્રિયો કે ઉપાંગો નથી.
આ ઘોંઘાટ નથી આ તો ઓમકારનો નાદ છે,
વાહ ભાઈ! વાહ ભાઈ!
ઓમકારનો નાદ તો શાંતિ આપે
પણ હે દૂત! તું કરડે છે શા માટે?
''હું'' કરડતું નથી, હું તો મોહનિંદ્રામાંથી જગાડું છું.
સારુ પણ
તું લોહી શા માટે પીવે છે!
''હું લોહી નથી પીતું, હું તો અમૃતનું પાન કરું છું,''
હે ઉદાર માનવ! તારો આભાર માનું છું.



### સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# સ્વર્ગારોહણ શૈક્ષણિક સિદ્ધિ પારિતોષિક

**સેવક ટ્રસ્ટી**

સ્વર્ગારોહણમાં પૂ. શ્રી મા પાસે નિયમિત આવતા બાળકો યુવાનોએ તેમના શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ ના પરિણામ પત્રકની ઝેરોક્ષ નકલ સાથે નીચેની વિગત દર્શાવતી અરજી શ્રી વિઠ્ઠલભાઈ ગોહિલ, વ્યવસ્થાપક, સ્વર્ગારોહણ, દાંતા રોડ, અંબાજીને તા.૩૦ જુલાઈ ૨૦૧૪ સુધીમાં પહોંચાડવી.

જે બાળકોને સ્વર્ગારોહણની પ્રાર્થના અને બે બાવની આવડતી હોય અને ગત વર્ષ દરમ્યાનના કાર્યક્રમો દરમ્યાન પૂ.શ્રી મા પાસે નિયમિત આવ્યાં હોય તે બાળકો/યુવાનોએ જ તેમની અરજી જો નીચે દર્શાવેલ શૈક્ષણિક પરિણામો વર્ષ ૨૦૧૩–૨૦૧૪ દરમ્યાન તેમણે મેળવ્યાં હોય, તેમણે જ અરજી મોકલવા વિનંતી.

**અરજીમાં દર્શાવવાની વિગતઃ–**

(૧) બાળક/યુવાનનું નામઃ–(અટક સાથે)
(૨) માતા–પિતાનું પુરું નામઃ–
(૩) પુરું સરનામુંઃ–
(૪) મોબાઈલ ટેલી.નંબર
ક્યા ધોરણ/કોર્સનું પરિણામ
માર્કશીટ પરિણામ પત્રકની નકલ સાથે જોડવી જરૂરી છે.

**લાયકાતઃ–**

ધોરણ ૧ થી ૪ – ૮૫% કે તેથી વધુ અથવા A+ Grade
ધોરણ ૫ થી ૮ – ૮૦% કે તેથી વધુ અથવા A Grade
ધોરણ ૯ થી ૧૨ – ૭૫% કે તેથી વધુ
**ડીપ્લોમાં કોર્સઃ–** વર્ષ દરમ્યાનના સેમેસ્ટરના એવરેજ માર્કર્સ ૭૦% કે તેથી વધુ
**માસ્ટર ડીગ્રીઃ–** પોસ્ટ ગ્રેજ્યુએશન ૬૫% કે તેથી વધુ.

# શાંતિ વરસે

મકરન્દ દવે

સને ૧૮૯૯માં અમેરિકામાં બનેલી આ ઘટના છે. ૪૭ વર્ષનો એક ખેડૂત નદીને કિનારે ઊભો હતો. ઘેરથી તે ખેતરે જવા નીકળ્યો હતો અને નદીના પુલ પાસે પોતાની ઘોડાગાડીને અટકાવીને ઊભો રહી ગયો હતો. નીચે ધસમસાટ કરતી ઘૂઘવતી નદી વહી જતી હતી. પેલો ખેડૂત ઊંડા વિચારમાં હોય તેમ નદીના પ્રવાહ સામે તાકી રહ્યો. તેના મનમાં વિચારનાં વમળ ઘૂમરીઓ ખાતાં હતાં : 'શું કરું? દસ વરસથી સતત સંઘર્ષ કરી રહ્યો છું. તનતોડ મહેનત કરું છું, પશુ પાળું છું. પણ પરિણામ? તોટો ને તોટો. નુકસાન જ નુકસાન. નથી પાસે દમડી. જમીન ગીરો મૂકી છે. પૈસા ઉપાડ્યા છે તેનું વ્યાજ ચૂકવવાનાયે પૈસા નથી. આટલી ગરીબી, પરેશાની, લાઇલાજી! તે ઉપરાંત દાણા દાણાના સાંસા! કેટલુંક સહન કરું? મારો પુરુષાર્થ તો હવે પૂરો થઇ ચૂક્યો. બધાય સહારા તૂટી પડ્યા. આવી હાલતમાં હવે હું કરું શું?'

ખેડૂતના મનમાં એક જ વિચાર વારંવાર ઊઠતો હતો. નદીમાં પડીને આ બધી ઝંઝટમાંથી છુટકારો મેળવી લઉં. પણ છેવટે એ પાછો ફર્યો, ઘોડાગાડીમાં બેઠો અને ઘેર આવતો રહ્યો.

વરસો પછી આ વાત પોતાના દીકરાને કહેતાં એ ખેડૂતે કહ્યું :

'બેટા ડેઇલ! તને ખબર છે, તે દિવસે હું નદીમાં શા માટે ન કૂદી પડ્યો? મને બચાવી લીધો તારી માતાની અડગ શ્રદ્ધાએ. એ રોજ પ્રાર્થનામાં કહેતી કે :



'ભલે બધા સહારા તૂટી ગયા, પણ અસહાયના સહાયક, ભાંગ્યાના ભેરું, અનાથના નાથ પરમ પ્રભુ તો આપણને કદી નહી ભુલે. આપણે પ્રભુને ચાહીએ છીએ, તેમના આદેશોનું પાલન કરીએ છીએ તો વહેલાંમોડાં સૌ સારાં વાનાં જ થશે.'

અને ખરેખર, એમ જ થયું. આ બનાવ પછી જીવનનાં બાકીનાં ૪૨ વર્ષ તેમણે આનંદથી પસાર કર્યાં. સને ૧૯૪૧માં એ ખેડૂત ૮૯ વર્ષની ઉંમરે અવસાન પામ્યા અને પોતાની પાછળ પુત્રને આશાનો, ભગવાનની સહાયનો વિપુલ વારસો આપતા ગયા. એ પુત્રે પછી આ વરસો આખી દુનિયામાં ફેરવી દીધો. એનું નામ ડેઇલ કાર્નેગી.

ડેઇલ કાર્નેગી પોતાને માતા–પિતા પાસેથી મળેલા શુભ સંસ્કારો વિશ કહે છે :

'ગરીબી અમારી પાછળ પડી હતી. મુસીબતો અને તકલીફો અમને પગલે પગલે ત્રસ્ત કરતી હતી. પરંતુ મારી મા કોઇ પણ વાર ચિંતાતુર નહોતી થતી. પોતાની બધી ચિંતાઓ તે પ્રભુનાં ચરણોમાં નિવેદિત કરી દેતી હતી. સૂતાં પહેલાં મા બાઇબલના એક અધ્યાયનો પાઠ કરતી હતી. ઘણી વાર મારી માતા કે પિતા ઈસુ–પ્રભુનું આ સાંત્વન આપતું વાક્ય દોહરાવતાં :

''મારા પિતાના નિવાસમાં અનેક હવેલીઓ, અનેક ઓરડાઓ છે. તમારે માટે એક નિવાસસ્થાન સમુંનમું કરવા હું જાઉં છું, જેથી હું જ્યાં રહું ત્યાં તમે પણ રહી શકો.''

પ્રભુના પયગંબરો માત્ર પોતાની જ મુક્તિ અને આનંદ માટે મથતા નથી, પણ આ ધરતીનાં સામાન્ય માણસોને અનન્ય પ્રેમથી પોતાની સાથે લે છે. તેમની કરુણાથી જાણે દુઃખની,

સંકટોની, હતાશાની કાળી શિલાઓ ઊંચકાય છે, જીવનમાં અપૂર્વ આનંદ છલકાય છે. શોકને સ્થાને પરમ શાંતિ આવી બિરાજે છે.

ડેઇલ કાર્નેગી લખે છે કે તેમની માતા નીચેનું ગીત વારંવાર ગાયા કરતી :

**'શાન્તિ વરસે રે, અનુપમ શાન્તિ વરસે.**
**શાન્તિ સીંચે સ્વર્ગથી મારા પ્રભુજી અપરંપાર,**
**મોજાં ઊછળે પ્રેમના મારા રુદિયાની મોઝાર.**
**પ્રાર્થું હરખે રે, અનહદ અથાગ હરખે,**
**શાન્તિ વરસે રે, અનુપમ શાન્તિ વરસે.'**

જ્યારે જ્યારે માનવીનું મન મુશ્કેલીઓમાંથી ગભરાઇ જાય છે, હતાશા અનુભવે છે, હારી જાય છે અને ન કરવાનું કરી બેસવાના વિચાર મગજ પર સવાર થઇ જાય છે ત્યારે કાર્નેગીને થાય છે કે આવું ગીત માતાના કંઠની હલકથી સંભળાવી દઉં! આ ગીતમાં કેવો અતૂટ શ્રદ્ધાનો રણકો છે! અને પભુ તરફથી આવતી દિવ્ય શાન્તિનો કેવો સ્પર્શ છે! ડેઇલ કાર્નેગી લખે છે કે :

'જે લોકો આત્મહત્યા કરી નાખે છે કે પાગલ બની જાય છે, તેમાંથી મોટા ભાગના માણસોને બચાવી શકાય તેમ છે. જો તેમને પ્રાર્થનાથી મળતી શાન્તિની જાણ કરવામાં આવે તો તેઓ કદાપિ આત્મહત્યા કરે જ નહિ.'

આ માટે તે પોતે જાણેલા એક બનાવનો દાખલો આપે છે.

એક મહિલા છે. તેનાં બાળકો અને સગાંવહાલાંઓને સંકોચ ન થાય એટલા માટે અહીં તેને મેરી કુશમેનનું કલ્પિત નામ આપવામાં આવ્યું છે. મેરી કુશમેને જ આપવીતી સંભળાવી



હતી તે નીચે પ્રમાણે છે :

'મંદીનો જમાનો હતો. મારા પતિની કમાણી સાવ થોડી હતી. કોઇ વાર તો એ બીમાર પડી જતા અને આવકને બદલે દવાદારૂનો ખર્ચ વધી જતો. એને લીધે અમારે પોતીકું મકાન છોડી દેવું પડ્યું. માથે દેણું ગાજતું હતું. મારે પાંચ બાળકો હતાં. ખાવાની તંગી, પહેરવાની તંગી. મારું મન ચિંતાથી ઘેરાવા લાગ્યું. અધૂરામાં પુરું માણસ ગરીબ બનતાં બીજાનો વિશ્વાસ પણ ગુમાવી બેસે છે. ગરીબાઇ એ કાંઇ ગુનો નથી પણ ગરીબને સહુ શંકાની નજરે જોવા માંડે છે. એને સમાજમાં આદર ન મળે તો કાંઇ નહિ, એને પહેલી ખુરશી ન મળે તો વાંધો નહિ, પણ ઓછામાં ઓછું એની સાથે મનુષ્ય જેવો વર્તાવ તો રાખવો જોઇએ ને? પણ માણસ ગરીબ બન્યો એટલે કોઇ અપવાદ સિવાય એનું અપમાન કરવામાં જ ઘણાખરા ગર્વ અનુભવે છે. અમારી પણ આવી હાલત થઇ ગઇ.

'મારા અગિયાર વર્ષના એક દીકરા પર એક દુકાનદારે આરોપ મૂક્યો કે તે બે પેન્સિલો ચોરી ગયો છે. મારા દીકરાએ મને બધી હકીકત કહી ને તે ચોધાર રડી પડ્યો. હું જાણતી હતી કે છોકરો પ્રામાણિક છે અને તેની સચ્ચાઇ પર શંકા લાવતાં તેને ઘણું લાગી આવે છે. હું જાણી ગઇ કે ભરબજારમાં તેનું ભયંકર અપમાન કરવામાં આવ્યું છે. ભુખ્યે પેટે કદાચ દિવસો કાઢી શકાય પણ કોઇ જાતના અપરાધ વિના ચોરની કાળી ટીલી કપાળે લઇ ફરવાનું અમારાથી કેમ બને? આ બનાવે મારું મનોબળ ભાંગી નાખ્યું. મને થયું કે આ હીનદશામાંથી અમારો કદી છૂટકો થાય તેમ નથી. તો પછી જીવવામાં સાર શો?

ચિંતામાં હું પાગલ જેવી બની ગઇ.

'મારા સૂવાના ઓરડામાં હું ગઇ. પાંચ વર્ષની મારી બાળકીને મેં સાથે લીધી. ઓરડાનાં બારીબારણાં બંધ કર્યાં અને તિરાડો કાગળ ને ચીથરાંથી ભરી દીધી. મારી બાળકીએ પૂછ્યું :

'મમ્મી, આ તું શું કરે છે?'

'કાંઇ નહિ, બેટી, અમસ્તું જ.'

'ત્યાર પછી મેં ઓરડામાં રહેલ ગેસની ચાકી ખોલી નાખી, જેથી ઓરડો ગેસથી ભરાઇ જાય. મારી બાળકી સાથે હું પથારીમાં પડી. બાળક શું જાણે? તેણે ખૂશ થઇ કહ્યું :'કેવી મજા! આપણે હમણાં પાછાં ઊઠી જઇશું.' આખરી અને અનંત નિદ્રાની મેં તૈયારી રાખી હતી તેની એ નિર્દોષ ભોળી છોકરીને શી ખબર?

'પછી મેં આંખો બંધ કરી દીધી. ગેસના નીકળવાનો અવાજ મારા કાને પડવા લાગ્યો. ગેસની એ ધમકને હું કદી નહિ ભૂલી શકું.... અમારા પર મોતની ચાદર ધીમે ધીમે બિછાતી હતી.

'અચાનક મને થયું કે ક્યાંકથી સંગીતનો ધ્વનિ આવી રહ્યો છે, કોઇ જાણે ખૂબ સૂરીલા કંઠે ગાઇ રહ્યું છે. હું સાંભળવા લાગી. હવે મને ખ્યાલ આવ્યો કે મેં રેડિયો ચાલું જ રાખ્યો હતો અને મારા રસોડામાંથી એનો સ્વર રેલાઇ રહ્યો હતો. એક જૂનું ભજન કોઇ રેડિયો પર ગાઇ રહ્યું હતું.

**પ્રભુ છો મારા, સાથી છો મારા,**
**ભવનો ભાર બધો વહનારા,**
**કેવો રૂડો સરપાવ છે, સ્વામી!**
**સઘળું સોંપીએ ચરણે નામી.**



**ભૂલીને તમને નાહક શિરે**
**વેઠીએ દુ:ખ ને તાપ અકારા—**
**પ્રભુ છો મારા, સાથી છો મારા.**
**ચરણ પૂજ્યે પરમ કાંતિ,**
**શરણ ગ્રહ્યે શાંતિ શાંતિ,**
**સ્મરણે સ્મરણે ઊછળે કેવા**
**અંતરમાં આનંદ ફુવારા—**
**પ્રભુ છો મારા, સાથી છો મારા.**

'આ ભજન હું સાંભળતી ગઇ તેમ તેમ મને થવા લાગ્યું કે મેં ભયંકર ભૂલ કરી છે. અત્યાર સુધી મેં જે કાંઇ દુ:ખ—તાપ વેઠ્યાં એ તો મેં મારા અભિમાની માથા પર એકલાં એકલાં જ ઉઠાવ્યાં છે. મેં કોઇ દિવસ મારા સદાના સાથી પ્રભુને યાદ કર્યા છે? કોઇ દિવસ આ બધી ચિંતા, વ્યથા, અવદશા એને ચરણે નિવેદિત કરી છે? નહીં, નહીં, નહીં. તો આવા કરુણાળુ પ્રભુ, આવા સનાતન સાથીને સાદ શા માટે ન પાડું? જીવનમાં જાણે નવું અજવાળું ઊતરવા લાગ્યું.'

'હું પથારીમાંથી કૂદી પડી. ગેસની સ્વિચ બંધ કરી દીધી. બારીબારણાં ખોલી નાખ્યાં. બારી પરથી પડદાઓ હટાવી દીધા.'

'આખો દિવસ હું રડી રડીને પ્રભુને પ્રાર્થના કરવા લાગી : પ્રભુ છો મારા, સાથી છો મારા—ની રટણા લાગી ગઇ. પ્રભુ પાસે સહાયની ભીખ માગતાં માગતાં મારા અંતરમાં ઊલટી પ્રભુ પ્રત્યે આભાર અને ધન્યવાદની લાગણી ઊભરાવા લાગી. પ્રભુએ મને કેવી સર્વોત્તમ ભેટ આપી છે! મને તેમણે દેવનાં ચક્કર જેવાં પાંચ બાળકો આપ્યાં છે. સ્વસ્થ, સુન્દર અને

હૃષ્ટપુષ્ટ—તનથી અને મનથી પણ. મેં પ્રભુને કહ્યું કે હવે પછી આવી કૃતઘ્નતા હું કદી નહીં કરું. અને ભવિષ્યમાં મેં એ પ્રમાણે આચરી પણ બતાવ્યું.'

'અમારે પોતાનું ઘરનું મકાન છોડવું પડ્યું અને અમે ભાડાના ઘરમાં રહેવા ગયા ત્યારે મેં પ્રભુને ધન્યવાદ આપ્યા કે અમારી ઉપર છત તો છે! અમે ઉઘાડા આકાશ નીચે નિરાધાર તો નથી પડ્યાં! આ શ્રદ્ધા, વિશ્વાસ અને શરણાગતિની ભાવના અંતરમાં જાગવા માંડી તેમ ધીરે ધીરે પરિસ્થિતિ પણ સુધરવા લાગી. મંદી ઘટવા માંડી. મને સારું કામ મળી ગયું. મારા મોટા દીકરાને પણ સરસ નોકરી મળી ગઈ.'

'આજે મારાં બધાં બાળકો મોટાં થઇ ગયાં છે. સહુ વિવાહીત છે. સગાંવહાલાં પણ ખૂબ સારાં સાંપડ્યાં છે. આજે પેલા ભયંકર દિવસને યાદ કરું છું ત્યારે અંતરથી પ્રભુને ધન્યવાદ આપું છું કે મને બરાબર સમયસર જગાડી દીધી! નહીં તો જીવનમાં આ સારાં વર્ષો હું જોત નહીં અને મારાં બાળકો ક્યાંનાં ક્યાં ભટકતાં હોત.'

'આજે જ્યારે કોઇ માણસ પોતાના જીવનનો અંત લાવવા માગે છે એમ સાંભળું છે તો મને થાય છે કે એની પાસે દોડી જઇ, બૂમ પાડીને કહું : ભાઇ કે બહેન, આવું ન કરો! કદાપિ ન કરો! પ્રભુ છે, પ્રભુ પ્રાર્થના સાંભળે છે. જીવનની કાળામાં કાળી ક્ષણો થોડા વખત માટે આવી જાય છે, પણ એના પછી ખીલી ઊઠે છે સોનેરી પ્રભાત.'



# શાકભાજી વેચતી માનો છોકરો કલેક્ટર બને તો...!

—ભદ્રાયુ વછરાજાની (દિવ્ય ભાસ્કર)

**સ**રદાર સરોવર યોજનાનું કામ પુરજોશમાં શરૂ થયેલું. બંધના કામને અટકાવવા માટે આંદોલનકારીઓ પણ સક્રિય થયેલા. ત્યાં સબ ડિવિઝન મેજિસ્ટ્રેટ તરીકે રમણ જે. પટેલ. તેનો ૭૦% સમય તો કાયદો વ્યવસ્થામાં જતો. મેઘા પાટકરની મંડળીને સ્થાનિક આદિવાસીનો ટેકો. ૧૯૮૫—૮૬ની આ વાત છે. છ ગામના આદિવાસીઓએ આંદોલન છેડ્યું. રમણ પટેલને થયું કે આ પ્રશ્ન લાગણીનો છે અને તેને લાગણીથી જ ઉકેલી શકાશે. આ આદિવાસી ખેડૂતોના નાના—નાના પ્રશ્નો સમજી તેને ઉકેલવાના ક્રમશઃ પ્રયાસો શરૂ કર્યા. આર.જે. પટેલે 'ખાટલી બેઠકો'નો દોર શરૂ કર્યો. અસરગ્રસ્તોને પુનર્વસન સ્થાને જવાની બાબતોને રમણભાઇએ બુદ્ધના મહાભિનિષ્ક્રમણ સાથે સરખાવી, તેઓ માટે કવિતાઓ લખી, તેઓને આપી, તેઓના ત્યાગને મોટો કરી દેખાડ્યો. રમણભાઇ પોતે આપવાની જમીન પર જાય, નિરીક્ષણ કરે અને યોગ્ય જણાય તો આવીને અસરગ્રસ્તોની સાથે બેસે, સમજાવે, તેઓનું માનસન્માન જળવાય તેની કાળજી લે. અને આદિવાસી ખેડૂતો રમણ પટેલની વાત માની જાય. દર ગુરુવારે કેવડિયાના રેસ્ટ હાઉસમાં તે બેઠક યોજે, ચા—નાસ્તો કરાવે, ખબર—અંતર પૂછે અને શાબ્દિક સધિયારો બંધાવે. કુટુંબનાં સુખ—દુઃખમાં હાજરી આપે. જાય ત્યારે બાળકો માટે ગ્લુકોઝનાં બિસ્કિટ, ચોકલેટ,

ફળ લઈ જાય. વડીલો માટે બીડીનું બંડલ લઈ જાય. લાલ લાઇટવાળી ગાડી જોઇ બાળકો દોડી આવે. રમણભાઇ પટેલ તેમાંથી ઊતરી નિર્દોષ બાળકોને વાયરલેસવાળી ગાડીમાં તેડીને બેસાડે અને ડ્રાઇવરને સૂચના આપે કે આમને એક મોટો આંટો ફેરવો! નિર્દોષ બાળકોને ખુશખુશાલ જોઇ પોતાનું બાળપણ યાદ આવતું...'હું પણ ગામમાં કોઇ ટ્રક કે જીપ આવતી તો પાછળ પાછળ દોડતો, પરંતુ બેસવાનું નસીબ ન હતું, ત્યારે...'

અતિ કંગાળ કુટુંબમાં, વલસાડ જીલ્લાના ભદેલી ગામે રમણનો જન્મ. બા ઘાસ કાપવાની મજૂરીએ ગયાં હતાં. વિશાળ ઝાડ નીચે જ પાંદડાં અને ઘાસની ઝૂંપડીમાં ગોધૂલિક સમયે બાને અસહ્ય પ્રસવપીડા ઊપડી. સાથે મજૂરી કરતી બહેનોના સહયોગે રમણનો જન્મ થયો. આ રમણ જે.પટેલે વહીવટી વડા તરીકે જળ—જમીન—જંગલ—જાનવર અને જન એવા પાંચ 'જ'નું મહત્ત્વ પ્રજાજનોને સમજાવ્યું, કારણ એમનો જન્મ જ પંખીઓની હાજરીમાં ઝીણા કલવર વચ્ચે થયેલો! બા ખાડીમાં થઇને શાકભાજી, દૂધ વગેરે વેચવા જતાં. એકવાર કળણમાં બા ખૂંપી ગયાં. ઘણી મથામણ કરી. તેની આ મથામણને બાળ રમણ કાંઠે ચૂપચાપ જુએ. કાદવના એ કળણમાં બાની છાતી સુધી ભરતીનાં પાણી આવી ગયાં. નજીકમાં કોઇ ઉગારનારું નહીં. બાળકે જોરથી રડતાં—રડતાં માતાજીને પ્રાર્થના કરી. જળદેવ વહારે આવ્યા હોય એમ માછીમારો અચાનક આવી ગયા, રમણની બા ઊગરી ગયાં... દીકરાને સતત કહેતી :'દીકરા રમણ, તું ભણજે, બરોબર ભણજે, આપણી પાંહે કંઇની મલે.' રમણ બોલતો :'મા, તું ફિકર ચિંતા ન કર. હું ભણીશ, ભણી ગણીને માસ્તર સાહેબ થઈશ, કમાઈશ પછી



તારે આવી મજૂરી કરવી નહીં પડે', આ સંવાદ પૂરો થાય ત્યારે મા—દીકરો એકબીજાને વળગી બંને રડી પડતાં...!

આ રમણ જે. પટેલની બદલી પેલા આદિવાસીઓ પાસેથી વડોદરા થઇ તો એક મહિનામાં થાળે પાડેલા અસરગ્રસ્તો પરત મૂળ જગ્યાએ આવી ગયા. કેમ? જવાબ એક જ :'અમારો મોટલો સાહેબ જતો રહ્યો એટલે અમે આવતા રહ્યા...!' આખરે સરકારે આ મોટલા સાહેબની પુનઃનિમણૂક કરવી પડી ત્યારે પુનર્વસન પૂર્ણ થયું...! આર. જે પટેલનું મૂળ વતન સાદકપોર, તા. ચીખલી, જીલ્લો નવસારી, પણ દુકાળને કારણે પારસીની જમીનમાં કામ કરવા માટે પરિવારે ભદેલી ગામે સ્થળાંતર કરેલું. જેનાં માતા—પિતા અભણ હોય તેનાં સંતાનોને કુસંગે ચઢવાની શક્યતા વધુ. રમણને પણ થોડું આવું જ થયું. પણ એમના શિક્ષક વિઠ્ઠલભાઇ પટેલે લીમડાની સોટીથી ફટકાર્યો ને બરડે સોળ ઉઠાડ્યા... બે દિવસ શાળામાંથી ગુમ. બે દિવસ પછી શિક્ષકે હસીને છાતીએ વળગાડ્યો. આર.જે.પટેલ ૨૦૦૬માં ભારતીય વહીવટી સેવા (આઇ.એ.એસ.)માં નિમણૂક પામ્યા ત્યારે તેને આ સોટી યાદ આવેલી કે આ સોટીના સોળ બરડે ન પડ્યા હોત તો હું આજે ક્યાં હોત?... નાનપણથી આગળ વધવાની તમન્ના પ્રબળ. આઠમા ધોરણમાં ભણવા માટે આઠ કિ.મી. ચાલવું પડે તો ચાલવાનું પણ જવાનું ને ભણવાનું 'બાઇ આવાં બાઇ સ્કુલ'માં, કેમ? જ્યાં મોરારજી દેસાઇ ભણ્યા હતા ત્યાં જ આપણે ભણવાનું!!! થીંગડાંવાળાં લૂગડાં ને ખમીસમાં બટનની જગ્યાએ બાવળના કાંટા ભેરવવાના, પણ ભણવાનું બાઇ આવાં બાઇ સ્કૂલમાં... આર્ટ્સ ભણ્યા તો કવિવર ઉશનસ્ પ્રિન્સિપાલ. અહીં ઇતર પ્રવૃત્તિઓ અને

વાચન—લેખનનો પાયો નખાયો. કોલેજમાં જતી વખતે સાઇકલ પરથી કલેક્ટરનો બંગલો જુએ ને રમણને અરમાન જાગે કે હું કલેક્ટર થઉં તો?... બી.એડ્. કર્યા પછી જી.પી.એસ.સી.ની પરીક્ષા આપી. બાને કહેલું રમણે કે આ પરીક્ષા કેટલી અઘરી હોય, પણ પાસ થવાય તો મામલતદાર સાહેબ થવાય! બાએ હિંગળાજ માતાના મંદિરે જઇ માનતા રાખેલી કે 'પોયરો પાસ થાય તો મોઢામાં સાત વખત ચામડાની ચંપલ લઉં!... બાની માનતા ને રમણની મહેનત ફળી. રમણ પટ્લ વર્ગ—રની પરીક્ષામાં પણ પાસ થયા, પરંતુ નાયબ મામલતદાર તરીકે હાજર થઇ ગયેલા. કારણ જાણીએ તો હસવું આવે. વલસાડમાં એક પરિચિત નાયબ મામલતદાર હતા. તેમની પાસે રમણને જાતિનું પ્રમાણપત્ર લેવા જવાનું થતું. તેને પૂછ્યું કે : ડેપ્યુટી મામલતદાર બે શબ્દો છે, એટલે તે જગ્યા મોટી કહેવાય..' તાલીમ લીધી સુરત જીલ્લામાં, પછી તો કામરેજ—ભરૂચ—રાજપીપળા—વડોદરા—ગોધરા—દાહોદ—અમદાવાદ—બનાસકાંઠા—તાપી—સુરત એમ આર.જે કર્મભૂમિ બનાવતા રહ્યા. ડેપ્યુટી મામલતદારથી લઇને કલેક્ટર સુધીની સફરમાં આર.જે પટેલ ઉત્તમ હટકે પ્રદાન કર્યું અને કેટલાય માઇલસ્ટોન ઊભા કર્યા. એકાવન શક્તિપીઠ નિર્માણ આર.જે. નો **વલસાડ જીલ્લાના ભદેલી ગામે જન્મેલા રમણ પટેલ ભારતીય વહીવટી સેવામાં નિમણૂક પામ્યા. ડેપ્યુટી મામલતદારથી લઇને કલેક્ટર સુધીની સફરમાં તેમણે કેટલાય માઇલસ્ટોન ઊભા કર્યા.** વિચાર!! વારસાઇ રથ' કાઢી રાજપીપળા સબડિવિઝન માટે બાર હજારથી વધુ વારસાઇ નોંધણી કરી આર.જે.પટેલે જાહેર કર્યું કે, 'મારા સબડિવિઝનમાં એક પણ વારસાઇ નોંધવાની



બાકી નથી,' આ વહીવટી તંત્ર માટે ઐતિહાસિક ઘટના હતી. નવા રચાયેલા દાહોદ અને તાપી જીલ્લાનું એકડે એકથી માળખું જેને ગોઠવવાનો લહાવો મળ્યો. અમદાવાદની જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં નિયામક તરીકે 'ઉત્પાદકથી ઉપભોક્તા' યોજના શરૂ કરીને એજન્સીને આંતરરાષ્ટ્રીય આઇએસઓ પ્રમાણપત્ર પ્રાપ્ત થયું. ડો. યુનુસ મહંમદના પુસ્તક 'વંચિતોના વાણોતર' દ્વારા રમણભાઇનો હૃદયપલટો થયો. ૧૦૦% શૌચાલયના પ્રકલ્પને રાષ્ટ્રપતિ ડો. કલામના હસ્તે 'નિર્મળગ્રામ પુરસ્કાર' મળ્યો. પોતાની પહેલી નિમણૂક વખતે લાકડાની ડગુમગુ થતી ખુરશીને ખીલી ઠોકી મજબૂત કરનાર આર.જે.પટેલે વડોદરાના ડીડીઓ તરીકે જીલ્લા પંચાયતનાં શૌચાલયો પર જાતે બોર્ડ લગાવ્યાં :'આ શૌચાલયને સ્વચ્છ રાખવાની જવાબદારી ડીડીઓની છે...' આ વિરલ વહીવટી અધિકારીએ લોકગીતો લખ્યાં : 'ઝટ જાઓ, જાજરૂ બંધાવો, રસોઇના બનાવુંરે...' પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દિવસે બંધ હોય કે ડોક્ટર ગુમ હોય તો આર.જે. તેને સીલ મારી દે!

ગુજરાતમાં સખી—મંડળો તેમણે શરૂ કરાવ્યાં. શ્રી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે પુનમિયા સંઘો જોડે બેઠકો કરી પાણી બચાવવા સંકલ્પ લેવડાવ્યા. મહિલા ખેડૂતો માટે 'ટપક—ફુવારા પદ્ધતિનો સનેડો' રમણભાઇએ લખ્યો ને લોકપ્રિય કર્યો. 'વાવે સુરત'અભિયાન દ્વારા એક જ દિવસમાં સુરત શહેરમાં સવા પાંચ લાખ વૃક્ષો રોપાવ્યાં. 'વનબંધુઓ' અને 'વૃક્ષનારાયણ' આર.જે.પટેલના આરાધ્યદેવો છે, આજે પણ, નિવૃત્તિ પછી પણ...

# સૂર્ય ઉપાસના

વિનોબા

## સભ્યતાને નામે કેટલું બધું ગુમાવીએ છીએ!

પરંતુ આજકાલ તો લોકો કોટ, પેન્ટ, બૂટ, મોજાં, નેકટાઇ વગેરેથી શરીર આખાને ઢાંકી દે છે. માત્ર મોઢું ખુલ્લું રાખે છે. આને તેઓ સભ્યતા માને છે! પછી ક્ષયરોગ થાય, તો જાય છે તેનો ઉપચાર કરવા. ત્યાં આખા શરીરને ખુલ્લું કરીને તેને અલ્ટ્રાવાયોલેટ કિરણો આપવાં પડે છે. આ અલ્ટ્રાવાયોલેટ કિરણો એટલે સવારે સૂર્યોદય વખતનાં બાલ–કિરણો. પરંતુ શહેરોમાં તો મોટે ભાગે સૂર્ય–કિરણો મળતાં જ નથી. ભગવાને દેહની તંદુરસ્તી માટે જે ચીજ આપણને મફતમાં આપી રાખી છે, તેનાથી આપણે વંચિત રહીએ છીએ!

સૂર્ય–કિરણોથી વંચિત રહેવાને કારણે બાળકોનું શરીર માયકાંગલું બને છે. એમનાં હાડકાં મજબૂત નથી બનતાં, વિકસિત નથી થતાં, તેમાં તાકાત નથી રહેતી. પછી ડૉક્ટર કહે છે કે હાડકાંના વિકાસ માટે એમને 'કોડ–લીવર–ઓઇલ' પીવડાવવું પડશે. જ્યાં સૂર્યનો તાપ ઝાઝો નથી એવા ઠંડા પ્રદેશોમાં કદાચ આની જરૂર પડતી હશે. પરંતુ જ્યાં સૂર્યના તાપની કોઇ કમી નથી, એવા આપણા જેવા દેશોમાં તો 'મહા કોડ–લીવર ઓઇલ' વગર માગ્યું, વગર પૈસે ભરપૂર માત્રામાં મળી રહ્યું છે. તેનાથી કેટલું બધું 'વિટામીન–ડી' મળે છે! પણ આપણે તેનો ઉપયોગ નથી કરતા! આજે આવી દશા છે!



## શરીર ને સૃષ્ટિનું પૂરતું જ્ઞાન જ ક્યાં છે?

પરંતુ મને ખાતરી છે કે જેમ જેમ વિજ્ઞાન વધતું જશે, તેમ તેમ માણસને આકાશનું મહત્ત્વ સમજાશે, સૂર્ય–કિરણોનું મહત્ત્વ સમજાશે, અને ખૂલ્લી સ્વચ્છ હવાનું મહત્ત્વ સમજાશે. સૃષ્ટિ ને શરીર સાથે જે સંબંધ છે, તેને વિજ્ઞાન સમજાવે છે. આજે માણસને શરીર અને સૃષ્ટિ, બંનેનું પૂરતું જ્ઞાન નથી. જ્યારે તેને બંનેનું અંતર્બાહ્ય જ્ઞાન થઇ જશે, ત્યારે તેને આ બધું સારી પેઠે સમજાઇ જશે. અને સૃષ્ટિ ને શરીરના સંબંધનું વિજ્ઞાન જાણ્યા બાદ માણસ આટલાં બધાં કપડાંથી પોતાના શરીરને ઢાંકી નહીં રાખે. ત્યારે તેના ધ્યાનમાં આવશે કે શરીરને સૂર્યનાં કિરણોની કેટલી બધી આવશ્યકતા છે. પછી તે ખુલ્લાં ખેતરોમાં કામ કરવા પણ જશે.

આમ, સૂર્ય–કિરણો અને ખુલ્લી હવાનો મહિમા અપાર છે. સૂર્યનારાયણ આપણા મિત્ર તો છે જ, પણ ઉત્તમ વૈદ્ય પણ છે. 'વૈદ્યો નારાયણો હરિઃ'–એ વાક્યમાં સૂર્યનારાયણ તરફ પણ સંકેત છે.

## પ્રાણશુદ્ધિ, ચિત્તશુદ્ધિ, વિચારશુદ્ધિ

સવારે સૂર્ય–નમસ્કાર કરવામાં આવે છે. સૂર્ય–નમસ્કાર કરનારાને વ્યાયામનું ફળ તો મળશે જ, આરોગ્ય સારું રહેશે. પણ તેની સાથોસાથ સૂર્યની ઉપાસના થશે. આમ, બંને વાતો સધાય છે, તો સૂર્ય–નમસ્કારનો બેવડો લાભ થાય છે. આરોગ્ય લાભ ઉપરાંત આધ્યાત્મિક લાભ પણ થાય છે, બુદ્ધિની પ્રતિભા ખીલે છે. આપણા દરેક કામમાં શરીરની પુષ્ટિ તેમ જ આત્માની પુષ્ટિ, બંને તરફ ધ્યાન રહેવું જોઇએ. રોજ દિવસમાં થોડો વખત ખુલ્લામાં ફરવાનું રાખવું જોઇએ. તેમ કરવાથી ચિંતનમાં

મદદ મળશે. આકાશ—સેવનથી બુદ્ધિ વિશાળ બને છે, સૂર્ય—કિરણોના સેવનથી બુદ્ધિ તેજસ્વી બને છે અને હવાના સેવનથી બુદ્ધિ મુક્ત બને છે.

આપણા વિચારોમાં સૂર્ય—કિરણોના પ્રવેશથી આપણે ચિત્તને પૂર્ણ કરીએ છીએ. બહાર વિશાળ આકાશ છે, તો હૃદયમાં પણ નાનકડું આકાશ છે. વિશાળ આકાશ નીચે બેસીને ધ્યાન કરવું જોઇએ. વ્યાપક આકાશ નીચે એક બાજુ વાસનાશુદ્ધિ, પ્રાણ—શુદ્ધિ કરાય અને બીજી બાજુ સૂર્ય—કિરણોના પ્રવેશથી સંકુચિત વિચારોનો ત્યાગ કરાય. આને લીધે વ્યાપક આકાશનું અનુસંધાન અને સંકુચિત વિચારોનો ત્યાગ, બંને સધાય છે. સૂર્ય વિચારોનું પ્રતીક છે અને વાયુ વાસનાશુદ્ધિનું સાધન છે. વાસનાશુદ્ધિ માટે બૌદ્ધિક વિચારોને કાઢીને આત્મિક વિચારોને અંદર લેવા જોઇએ. બંને મળીને ધ્યાન થાય છે. આ માટે યોગીઓએ એક સાદો સરળ જપ શીખવ્યો છે. તે મંત્ર છે, સોઽહમ્. શ્વાસોચ્છ્વાસ સાથે જે હવા બહાર ફેંકાય છે, તે છે 'અહમ્' અને જે સારી હવા બહારથી અંદર લેવાય છે, તે છે 'સઃ' એટલે કે પરમેશ્વર. આમ, આપણું ચિત્ત શુદ્ધ વિચારોથી પરિપુષ્ટ બને છે. જ્યાં વિચારરૂપી સૂર્યનારાયણ પોતાનાં અનંત કિરણોથી, વિચારનાં અનંત પાસાંઓથી પ્રકાશિત થાય છે, ત્યાં અંધકાર ટકી નથી શકતો. સૂર્ય માણસની આંખોની સામે જે અંધકાર છે, તેને દૂર કરી નાખે છે. તમારી આંખો અને વિશ્વ વચ્ચે જે અંધકાર હતો તેને હઠાવી દઇને તે વિશ્વને શુદ્ધ સ્વરૂપમાં પ્રગટ કરી દે છે.

આપણાં શરીર—મન—બુદ્ધિ સાથે સૂર્યનો આવો ગાઢ નાતો છે.



# ભજન કેમ સફળ થતું નથી?

પૂજ્ય શ્રીદયાનંદતીર્થ

તમે વિષયોનું 'રામરામ' કરો છો તમે વિષય ભગવાનને ભજો છો પછી તો પ્રકૃત્તિમાં જ રહેશો. આમાં પરમાનંદ પ્રાપ્તિ ક્યાંથી થાય? દરરોજ મહાવરો કરો આવરણો ફેંકવાની પ્રેક્ટિસ શરૂ કરી દો. મનમાં જે જે આવરણો ભર્યાં છે તે ફેંકવા માંડો. આ આપણા હાથની વાત છે. થઇ જાઓ દિગંબર. આવરણો ફેંકી દીધા પછી શું રહેશે? આત્મા. આપણે પોતે જ છીએ. ભગવાન તમારે જે રૂપમાં જોઇએ તે રૂપમાં પ્રગટ થશે. તમારું જ તે રૂપ છે, આપણે તો રાસલીલા કરવી છે. કૃષ્ણે ગોપીઓને—ઇંદ્રિયોને નચાવી, પ્રકૃતિને નચાવી. આપણે પોતે જ નાચીએ છીએ, પ્રકૃતિને વશ થઇને નાચીએ છીએ, આમાં રાસનો આનંદ ક્યાંથી મળે?

**ઉદાસીનતા ક્યારે આવે?** જ્યારે વિષયોમાં આનંદ આવતો નથી ત્યારે માણસ આત્મા તરફ વળે છે. જેને વિષયો ગમતા નથી તેને સાક્ષાત્કાર થાય છે. માયાનો આશ્રય લઇને ભજન કરશો ત્યાં સુધી પોતાને જાણી શકવાના નથી, ત્યાં સુધી સાક્ષાત્કાર થવાનો નથી. જેણે જેણે માયાને ફગાવી ફગાવીને નિષ્કામ ભાવે ભજન કર્યું તેણે તેણે 'અયમાત્મા બ્રહ્મ' એ જાણ્યું. નરસિંહ મહેતાએ એવું નિષ્કામ ભજન કર્યું કે પ્રકૃતિ તેના વશમાં આવી.

દર્શન માટે બધાં ફાંફાં મારે છે. માયાની વાતો કરે છે અને

કહે છે કે મને માતાનું દર્શન થયું. નવરાત્રિમાં તો ઘણાંને માતા આવે છે. કોનું દર્શન થયું? ચોવીસે કલાક વિષયોમાં રમણ કરનારને પોતાનાં દર્શન ક્યાંથી થાય? 'ગીતા' વાંચ્યા પછી આવાં દર્શનની વાત ખોટી લાગે છે. સાક્ષાત્ દર્શન થાય તેને વિષયનો આનંદ રહે? એક જ વસ્તુ છે, બે નથી. જે બે કરવા ગયા તે દુઃખી થયા. એનાથી—ઈશ્વરથી જુદા પડવું તે જ દુઃખી અવસ્થા છે. જગતની ઉત્પત્તિ જેવું કંઇ છે જ નહીં, ને લોકો ઉત્પત્તિ સમજીને બેઠા. હું ઉદાસીન થઇ જાઉં છું. હું એટલે આત્મા.

મારા આશ્રય નીચે માયા જગતને ઉત્પન્ન કરે છે. આ ચરાચરમાં એટલે કે જગતમાં અધ્યક્ષતા મારી જ છે. અધ્યક્ષ હું જ છું. હું ના હોઉં તો, આત્મા ન હોય તો, કશું હોય જ નહીં. આ શરીરમાં અધ્યક્ષ ના હોય તો? તેને આત્માનો આશ્રય ના હોય તો? આત્માના આશ્રય વગર આ ઘર એટલે કે આ શરીર કેમ ચાલે? કેમ સૂવે? કેમ ખાય? પણ અધ્યક્ષ તો હું જ છું એમ જે સમજી ગયો તે બધું સમજી ગયો. તે (શરીર) ફરતું રહે છે માટે તેની ઉત્પત્તિ થાય અને તેનો નાશ પણ થાય. ઉત્પત્તિ અને લયનો ગરબડાટ મારામાં ચાલી રહ્યો છે. વિચાર ઉત્પન્ન થયો, વિચારનો નાશ થયો. પણ તમે તેના તે જ છો. કોઇને વિચાર આવ્યો કે આ કામ કરીએ અને પાંચસો રૂપિયા મળી જશે. બીજો વિચાર આવ્યો કે હે જીવ, જવા દે. એ પાંચસો રૂપિયાને. તારે વળી તેનું શું કામ? આમ વિચાર ઉત્પન્ન થયો અને એ વિચારનો નાશ થયો. વાસ્તવિક શું છે? તમે. તમે જો ન હો તો વિચારની ઉત્પત્તિ ને નાશ ક્યાંથી થાય? આમાં અધ્યક્ષપણું કોનું છે એ



સમજવાનું છે. શરીરો ઉત્પન્ન થયાં પણ હું તો તેનો તે જ રહ્યો. આ શરીરો જશે પણ આ તો તેનું તે જ રહેશે. હું તો તેનો તે જ છું. મારામાં સહેજ પણ ફેરફાર નથી. માયા બહુરંગીણી છે. અનેક રંગ દેખાય છે, આ મૃગજળ છે. વાસ્તવિક કંઇ નથી. કોઇ માણસ સ્વપ્નમાં અમેરિકામાં કે ઇંગ્લેન્ડમાં જાય. જાગે ત્યારે ત્યાં જ અમેરિકાનો અને ઇંગ્લેન્ડનો ત્યાં નાશ થઇ ગયો.

આમ સંકલ્પવિકલ્પમાં જ ઉત્પત્તિ અને નાશ છે. તારો સંકલ્પવિકલ્પ એ જગત છે. વસિષ્ઠે રામને આ સમજાવ્યું હતું કે તું શુદ્ધબુદ્ધ નિરંજન છે. જેણે સંકલ્પવિકલ્પ ફગાવી દીધા છે તેનું ભજન એ જ ખરું ભજન. સંકલ્પવિકલ્પને ફગાવી દેવા માટે ભજન કરવું પડશે. છેવટે તમે આત્મા થઇ જશો. આત્માને કર્મબંધન નથી. જ્ઞાન થઇ ગયા પછી બીજું કંઇ દેખાતું નથી. જ્ઞાનીને જગત પરમાત્મા સ્વરૂપ દેખાય છે.

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) **–શ્રી યોગેશ્વરજી**

સિંહના ચરણચિહ્નોનું નિરીક્ષણ કરતા સૌ અરણ્યમાં આગળ વધ્યા તો એમના આશ્ચર્ય વચ્ચે સિંહ પણ મરેલો દેખાયો.

'અરે, આ સિંહ પોતે જ મરેલો છે.' કૃષ્ણે ઉદ્‌ગાર કાઢ્યા : 'આ પર્વતની એકાંત ગુફામાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરતી વખતે જ એનું મૃત્યુ થયું છે. એનો નાશ કરનાર કોઇક બીજું જ હોવું જોઇએ. આ ગુફામાં પ્રવેશ કરવાથી કદાચ એના રહસ્યનું ઉદ્‌ઘાટન થઇ શકશે.'

સૌ વારાફરતી એ વિશાળ ગુફામાં પ્રવેશ્યા.

બીજા બધા કૃષ્ણના સંકેતથી ગુફાના પ્રવેશદ્વારની પાસે જ ઊભા રહ્યા ને કૃષ્ણ આજુબાજુ અવલોકન કરતાં આગળ વધ્યા.

ગુફાની અંદર એક મોટું મેદાન હતું. ત્યાં એક પરમસુંદરી સુકુમારી બેઠેલી.

એના શરીરની શોભા અસાધારણ હતી.

એના કંઠમાં પેલો જ સ્યમન્તક મણિ હતો.

એના તેજથી આજુબાજુની બધી જગ્યા ઝળહળી રહેલી.

એક અપરિચિત વ્યક્તિને પોતાના એકાંત આવાસમાં આવેલો જોઇને એ સુકુમારી ભયભીત બનીને પોકારી ઊઠી.

એનો અવાજ સાંભળીને એના પિતા પરમ શક્તિશાળી ઋક્ષરાજ જામ્બવાન ક્રોધે ભરાઇ ને બહાર નીકળ્યો ને બોલ્યો :

'અરે, અમારા આ એકાંત આવાસમાં આવી રીતે આવવાની હિંમત કરનાર તું કોણ છે?'



કૃષ્ણે કહ્યું :

'હું તારો દુશ્મન તો નથી જ.'

'તું અહીં શા માટે આવ્યો છે?'

'આ મણિ લેવા.'

'મણિ લેવા?'

'હા.'

'તે તો હું જીવું છું ત્યાં સુધી નહીં લઇ શકાય. એને લેવાની ઈચ્છા હોય તો મારી સાથે લડવું પડશે.'

'તારી લડવાની ઈચ્છા જ હોય તો હું લડવા તૈયાર છું.'

'તો પછી આવી જા. આ તારું સુકુમાર શરીર દેખીને મને તારાપર દયા આવે છે પણ મારે ના છૂટકે લડવું જ પડશે.'

બંને વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું.

આરંભમાં અસ્ત્રશસ્ત્રોનો ઉપયોગ થયો, પછી પથ્થરોનો, એ પછી વૃક્ષોની મદદથી બંને લડવા લાગ્યા, ને છેવટે બાહુયુદ્ધ કરવા લાગ્યા.

દિવસો સુધી એકધારું ચાલેલું એ ઘોર યુદ્ધ પરાક્રમની પરાકાષ્ઠારૂપ બની ગયું.

આખરે જામ્બવાન પ્રસ્વેદથી લથપથ થઇ ગયો.

કૃષ્ણના વજસદશ મજબૂત મુક્કાઓથી એના સુદૃઢ શરીરના સઘળા સાંધા ઢીલા બની ગયા.

એનો ઉત્સાહ ઓસરી ગયો.

એણે યુદ્ધને બંધ કરીને કૃષ્ણને પ્રણામ કરતાં કહ્યું :

'હું તમને સાધારણ યુવક સમજતો'તો પરંતુ તમે એક અલૌકિક મહાપુરુષ છો તેની મને પ્રતીતિ થઇ. તમારી શક્તિ

અદ્ભુત છે. એની બરાબરી બીજું કોઇ પણ નથી કરી શકે તેમ. તમે કાળના પણ કાળ છો ને સૌના જીવન અથવા આધારરૂપ. મારા અજ્ઞાનજનિત અહંકારને લીધે હું તમને ના ઓળખી શક્યો એટલે જ તમારી સાથે યુદ્ધમાં ઊતરી પડ્યો. મારા એ અજ્ઞાનને માટે તમારી સાચા દિલથી ક્ષમા માગું છું.'

કૃષ્ણે એને ક્ષમા આપી એટલે જામ્બવાને એમને સ્યમન્તક મણિ અર્પણ કર્યો અને પોતાની કન્યા જામ્બવતીનો પણ સેવિકા તરીકે સ્વીકાર કરવાની પ્રાર્થના કરી.

ગુફાના દ્વાર પાસે બાર દિવસ સુધી કૃષ્ણના સાથીઓએ પ્રતીક્ષા કરવા છતાં કૃષ્ણ ના આવવાથી એ ચિંતાતુર થઇને દ્વારકા પાછા ફરેલા, ત્યારથી પ્રજા જાતજાતની શંકાકુશંકા કર્યા કરતી.

કૃષ્ણનાં દર્શન માટે એ અતિશય ઉત્સુક હતી ત્યારે એક ધન્ય દિવસે કૃષ્ણ પોતાના પ્રયોજનમાં સફળ થઇને દ્વારકામાં પાછા ફર્યાં.

પ્રજા એમને જોઇને હરખઘેલી બની ગઇ.

રુકિમણીને નવજીવનની પ્રાપ્તિ થઇ. એણે કૃષ્ણને કહ્યું :

'તમે મણિને લેવા ગયા ત્યારથી મારી દશા અત્યંત વિચિત્ર થઇ ગયેલી. આટલા દિવસ મેં જેમતેમ કરીને પસાર કર્યા. તમારી ખૂબ જ ઉત્કટતાપૂર્વક પ્રતીક્ષા કરતી'તી. તમે તો મણિની ધૂનમાં મને ભૂલી ગયા હશો પણ હું તમને જરા પણ નથી ભૂલી શકી.'

'હું પણ તને જરા પણ નથી ભૂલી શક્યો.' કૃષ્ણે કહેવા માંડ્યું : 'તને ભૂલી શકવાની મારી શક્તિ જ નથી. તું માને કે ના માને પણ હું તને હંમેશાં યાદ કરતો'તો.'



'તમે મણિને લઇ આવ્યા એટલે તમને અનેકાનેક અભિનંદન આપું છું.'

'મણિને શું હું અત્યારે જ લાવ્યો છું? એ તો લાંબા વખતથી લઇ આવ્યો છું.'

'લાંબા વખતથી?'

'હા.'

'તમારા વિના એ કોઇ જ નહીં માને.'

'નહીં શા માટે માને? એ મણિ સ્યમંતક મણિ કરતાં પણ વધારે મૂલ્યવાન છે.'

'હું કાંઇ સમજી નહીં.'

'કેમ? એમાં ના સમજવા જેવું છે જ શું? તું મારા જીવનમાં મહામૂલ્યવાન મણિ બનીને નથી આવી? તારું મૂલ્ય સૌથી વધારે છે. તને મેળવીને હું ધન્ય છું.'

'તમારા વાણીચાતુર્યને હું નહીં પહોંચી શકું.' રુકિમણી ભાવવિભોર બનીને બોલી : 'હું તમારી મણિ છું કે તમે મારા મણિ છો એનો નિર્ણય તો આપણાં અંતર વિના બીજું કોણ કરી શકે?'

★ ★ ★

સત્રાજિતને રાજ્યસભામાં બોલાવીને કૃષ્ણે સ્યમંતક મણિની પ્રાપ્તિની બધી વિગત કહી બતાવી.

સૌના દેખતાં એમણે સત્રાજિતને એ મણિનું શાંતિપૂર્વક સમર્પણ કર્યું ત્યારે સૌએ પ્રસન્નતા પ્રકટ કરીને એમનો જયજયકાર કર્યો.

**(ક્રમશઃ)**